સુવિચાર

સંસારી સતત પ્રભાવ પ્રગટ કરવા પ્રયત્ન કરે છે. સંત સતત આત્મવિશ્વાસ પ્રગટ કરવા પ્રયત્ન કરે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૫/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિધા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ વૈશાખ સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૧૩૨



ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
- હૃદયરોગ - બીપી
- શ્વાસ - દમ - ન્યુમોનિયા
- પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
- પોઈઝન - સર્પદંશ
- ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે

ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦


## અમરેલી અને બાબરા પંથકને ઘમરોળ્યા બાદ

# ખાંભા પંથકમાં ભારે પવન સાથે વરસાદથી તબાહી

**ગામનાં અનેક વૃક્ષો અને વીજપોલ જમીનદોસ્ત થયા, મકાનનાં નળીયા ઉડયા**

**મરચાનાં મંડપ ઉડયા તો ઉના તરફનો માર્ગ પણ બંધ થયો**

**પીજીવીસીએલ સહિતનાં વિભાગે યુદ્ધનાં ધોરણે કામગીરી શરૂ કરી**

**જિલ્લામાં છેલ્લા ૩-૪ દિવસથી ભારે પવન સાથે કમોસમી વરસાદનો હાહાકાર**




તસ્વીર : ભાવિક કળસરીયા-ખાંભા

ખાંભા, તા. ૧૬

અમરેલી અને બાબરા પંથકમાં ભારે તબાહી મચાવનાર ભારે પવનસાથેનાકમોસમીવરસાદનીહડફેટે આજેખાંભાપંથકઆવીચડયોહતોઅને ભારે પવન સાથેના વરસાદથી અનેક વૃક્ષો, વીજપોલ જમીન દોસ્ત થયા તો મરચાનોવેપારકરનારનાંમંડપપણઉડી જતાં સ્થાનિક તંત્રએ યુધ્ધનાં ધોરણે રાહતઅનેબચાવનીકામગીરીકરીહતી.

હવામાન વિભાગની આગાહીના પગલે અમરેલી જિલ્લામાં મોટાભાગના તાલુકામાં ત્રણ દિવસથી કમોસમીવરસાદકહેરમચાવીરહ્યોછે. ત્યારે ખાંભા પંથકમાં ગાજવીજ અને પવનસાથે કમોસમીવરસાદખાબકયો હતો. ત્યારે ખાંભામાં મીની વાવાઝોડું ફૂકાયું ત્યારે ખાંભા શહેરમાં વૃક્ષો અને વીજપોલ ધરાસાય થયા, રહેણાક મકાનમાં નળીયા અને પતરા ઉડયા, મરચાનો ધંધો કરનારના મંડપો ઉડયા,

**અનુસંધાન પાના ૬ ઉપર**

**આડેધડ દોડતાં વાહનો ઉપર રોક લગાવવી જરૂરી**

## રાજુલાનાં દાતરડી ગામ નજીક ત્રિપલ સવારી બાઈકને ટ્રકે હડફેટે લેતા ૨ વ્યકિતનાં મોત

**મૃતક મહુવાનાં બીલડી ગામનાં હોવાનું ખુલ્યું**



અમરેલી, તા. ૧૬

મહુવા તાલુકાના બીલડી ગામે રહેતા ભોળાભાઈ નરસિંહભાઈ ધુંધળવા, બાવકુભાઈ રણછોડભાઈ ધૂંધળવા તથા પ્રવીણભાઈ ભરતભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

**અમિતભાઈ વીરજીભાઈ પાથર નામનાં**

## ચિતલનાં પતરાવાળી નજીક રહેતા ૪૦ વર્ષિય યુવકે ઝેરી દવા પી લીધી

અમરેલી, તા. ૧૬

અમરેલી તાલુકાના ચિત્તલ પતરાવાળી પાસે રહેતા અમિતભાઈ વિરજીભાઈ પાથર નામનાં ૪૦ વર્ષિય યુવકેતા.૧૪નાસાંજે૭/૩૦વાગ્યેચિતલ ગામે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાનીમેળેઝેરીદવાપીજવાથીમોત થયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેરથવાપામેલછે.


ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી કિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,990/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શ્રદ્ધાંજલિ
મર્હુમ કાદરભાઈ ઈસ્માઈલભાઈ ખોખર
અવસાન
તા. ૦૫-૦૫-૨૦૨૪
પરવરદિગાર, આપને જન્નતમાં આલી દરજ્જો એનાયત કરે, સગા - સ્નેહીઓને સબ્રે જમીલ ખતા કરે એજ દુઆ...
લી.
મહંમદભાઈ ઈસ્માઈલભાઈ
ઈમરાનભાઈ કાદરભાઈ
અમીનભાઈ રહીમભાઈ (ભા.ડી.કો)
સમીરભાઈ રહીમભાઈ (પત્રકાર)
પેઈન્ટર અનવર (કલાસાગર)
ખોખર પરિવાર - વિજપડી
યાકુબ રસભર્યા એડવોકેટ
પૂર્વ સરપંચ - વિજપડી
અપના સ્ટુડિઓ (સલીમ)
સૈયદ સાયકલ સ્ટોર્સ
સૈયદ પરિવાર (દાડમાવાળા)
સાવરકુંડલા

BIMS-AASTHA HOSPITAL
આસ્થા હોસ્પિટલ હવે થી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર
હોસ્પિટલમાં નિયમીત ઓપીડી સમય તેમજ ઈમરજન્સીમાં ૨૪x૭ કલાક મળશે.
નોંધ : ડો.અશોક એન. પરમારના કન્સલ્ટીંગ ફી માં કંઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી
આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો
(૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૮૨૮/ ૩૫૪૪૪૪ મો.૯૯૩૮૫ ૩૮૫૦૫
મો.૯૪૨૪૪ ૮૨૦૦૦ / ૯૪૨૪૪ ૮૩૦૦૦

## મીઠાઈ, પનીર, ફરસાણ સહિતનાં ખાદ્ય સામગ્રીનાં નમૂના લેવા જરૂરી

# અમરેલીમાં ભેળસેળયુકત ખાદ્ય પદાર્થનું ખુલ્લેઆમ વેચાણ ?

**રાજયનાં ફૂડ વિભાગનાં અધિકારીઓ ઉચ્ચ કક્ષાએથી તપાસ કરે તો ચોંકાવનારી હકીકતો બહાર આવે તેમ છે**

**શહેરમાં પાણીપુરી, આઈસ્ક્રીમ, ગોલા, મીઠાઈ, પનીર સહિતનાં ખાદ્ય સામગ્રીમાં અનેક વેપારીઓ ગોલમાલ કરતાં હોવાની આશંકા**

**સ્થાનિક કક્ષાનાં ફૂડ વિભાગનાં અધિકારી અકળ કારણોસર કાર્યવાહી કરતાં નથી**

**નાણાની લાલચમાં જનઆરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા થાય તે બાબત અતિ ગંભીર**

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લાનાં જનપ્રતિનિધિઓ છેલ્લા ૨ મહિનાથી લોકસભાની ચૂંટણીમાં વ્યસ્ત બન્યા છે અને આગામી ૪ જૂન સુધી તેઓ ચૂંટણી પરિણામની ચર્ચામાં વ્યસ્ત હોય તેવા સમયે અમરેલી શહેરનાં અમુક નફાખોર અને નાણા લાલચુ વેપારીઓ ખાદ્ય પદાર્થમાં આરોગ્ય માટે હાનિકારક પદાર્થની ભેળસેળ કરીને જન આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા ચર્ચાએ જોર પકડેલ છે.

અમરેલી શહેરમાં ગરમીનાં દિવસોમાં આઈસ્ક્રીમ, ગોલા, શેરડીના રસનું વિપુલ પ્રમાણમાં વેચાણ અને સેવન થઈ રહ્યું હોય જેમાં અમુક નફાખોર વેપારીઓ હલ્કી ગુણવત્તાનાં પનીર, ઘી, દૂધ, મલાઈ, તેલ, દૂધનો માવો જેવા પર્દાથની ભેળસેળ કરીને ફરસાણ, મીઠાઈ, પંજાબી ભોજન બનાવીને વેચાણ કરતાં હોય સ્થાનિક ફૂડ વિભાગનાં અધિકારીઓ અકળ કારણોસર કાર્યવાહી કરતાં ન હોય રાજય કક્ષાએથી અધિકારીઓની ટીમ તપાસ કરે અને શહેરીજનોનાં આરોગ્ય સાથે ચેડા કરનાર વેપારી સામે નિયમાનુસાર કાર્યવાહી કરે તેવી માંગ ઉભી થઈ છે.

### જાગૃત નાગરિક કાંતિલાલ પરમારે રજુઆત કરી

## અમરેલીનાં જશવંતગઢ જેવા ગાગર જેવડા ગામમાં સાગર જેવડી સમસ્યાઓ

**રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવીને માંગ કરી**

અમરેલી, તા. ૧૬

અમરેલીનાં જશવંતગઢ ગામના જાગૃત નાગરીક કાંતીલાલ પરમારે રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવેલછે.

પત્રમાં જણાવેલ છે કે જશવંતગઢ ગામ મુખ્ય મથક અમરેલીથી ૧૭ કિલોમીટરના અંતરે આવેલ ગામ છે. જશવંતગઢ ખાતે ડો. બાબા સાહેબ આંબેડકર કોલોનીના અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તારમાં અનુસૂચિત જાતિ વર્ગ સમાજના લોકોને સ્પર્શતા જુદા જુદા પ્રશ્નો નીચે મુજબ છે જેમાં તાત્કાલિક આ પ્રશ્નોનો નિવેડો લાવવા અને લોકોને પડતી હાલાકી અને મુશ્કેલી દૂર કરવા માટે યોગ્ય, ઝડપી અને ન્યાયી કાર્યવાહી કરવી જરૂરી છે.

વધુમાં જણાવેલ છે જસવંતગઢ વિસ્તારમાં માંગણી મુજબ અનુસૂચિત જાતિના લોકોને પ્લોટ મળે તે માટે ગામતળ ફેર કરી તાત્કાલિક માંગણી મુજબ ગામતળ નિમવું. જશવંતગઢ ખાતે ગામતળ નીમ કરી અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગના લોકોના મંજુર થયેલ પ્લોટનો સ્થળ કબ્જો સોંપવો. ડો. આંબેડકર કોલોનીમાં શામજીભાઈ વજાભાઈ ચૌહાણના ઘર સામે આવેલ બંધ પડેલી પીવાના પાણી માટેની બંધ પડેલ ડંકીને તાત્કાલિક રીપેરીંગ કરવામાં આવે અને લોકોને પીવાનું પાણી મેળવવામાં પડતી મુશ્કેલી દૂર કરવામાં આવે.

અહીં લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે પાણીનો ટાકો અને બોર મંજુર કરવામાં આવે અને ઈલેક્ટ્રિક મોટર નાખી પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી અમારી માંગણી છે.

અમરેલી–રાજકોટ હાઈવે પર આવેલ કબ્રસ્તાનથી અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તાર ડો. બાબા સાહેબ આંબેડકર કોલોની સુધી હાલનો રોડ ખુબ જ બિસ્માર અને ઉબડખાબડ હાલતમાં હોઈ તાત્કાલિક ડામર રોડ અથવા સીસી રોડ કરવા અને રસ્તો બનાવવા માંગણી છે. જશવંતગઢ ખાતે આવે ડો. આંબેડકર કોલોનીમાં વર્ષ ૧૯૯૬ માં સ્થાનિક સંસદ સભ્યની ગ્રાન્ટમાંથી કોમ્યુનિટી હોલ બનાવવામા આવેલ હતો જે હાલ જર્જરીત અવસ્થામાં છે.

આ કોમ્યુનિટી હોલનું રીનેવોશન કરવામાં આવે અને બારી–બારણા રીપેરીંગ કરવામાં આવે અથવા નવા નાખવામાં આવે તેમજ સ્થાનિક લોકોને યોગ્ય પાયાની મૂળભૂત સગવડ પુરી પાડવામાં આવે જશવંતગઢ ખાતે રહેતા અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષીપંચના તેમજ અન્ય ગરીબ વર્ગના બેરોજગાર લોકોને રોજગારી મળે તે માટે એક અઠવાડિયું ચાલુ કરી બંધ કરેલ મનરેગા હેઠળ તાત્કાલિક કામ શરૂ કરવા જશવંતગઢ ખાતે આવેલ અનુસૂચિત જાતિના લોકોના માટે કાંતિલાલ પરમારના નામથી નીમ કરેલ જાહેર સ્મશાનમા, સ્મશાન છાપરી બનાવવા, લોકોને બેસવાના બાંકડા મુકવા, જમીન સમથળ કરવા, ફૂલછોડ વાવવા, ડાઘુંઓને નાહવા માટે પાણીનો બોર કરવા અને ટાકો બનાવવા અને ઈલેક્ટ્રિક મોટર મુકો જશવંતગઢ ખાતે અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તારમાં ડો. આંબેડકર કોલોનીમા રહેતા લોકોને સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમ કરવા માટે ૧૦૦૦ ચોરસ ફૂટના પ્લોટની જગ્યા ફાળવવા વિનંતી છે જેથી આ કોમન પ્લોટની જગ્યા પર શેડ, બાથરૂમ, રસોઈ ઘર સહીતની પાર્ટી પ્લોટ જેવી સગવડ લોકોને મળે તે રીતે અમારા ખર્ચે બનાવી શકાય તે માટે અમોને અનુસૂચિત જાતિ સમાજને જમીન ફાળવો જશવંતગઢ ગામે આખા ગામમાં વાસ્મો યોજના હેઠળ પીવાનું પાણી ગામમાં લોકોને મળે તે માટે મોટી પાઈપલાઈન નાખવાની યોજના કરોડો રૂપિયાના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે. આ યોજનામાં જ્ઞાતિ આધારિત ભેદભાવ રાખી અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તાર ડો. બાબાસાહેબ આંબેડકર કોલોનીમા મોટી પાણીની પાઈપલાઈન નાખવામાં આવે તેનો સમાવેશ કરવામાં આવેલ નથી. જે બાબતે ડો. બાબાસાહેબ આંબેડકર કોલોની ખાતે રહેતા અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તારમાં વાસ્મો યોજના હેઠળ નવી મોટી પાઈપ લાઈન નાખવાની કામગીરી કરવા આ યોજનામાં સમાવેશ કરવાની કાર્યવાહી કરવી જોઈએ જશવંતગઢ ખાતે અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તાર ડો. આંબેડકર કોલોનીમાં ઉભા રસ્તામાં સી. સી. રોડ બનાવવામા આવેલ છે પરંતુ આડા રોડમાં સી. સી. રોડ બનાવવામા આવેલ નથી તો આડા રોડમાં સી. સી. રોડ બનાવવા કાર્યવાહી કરવા અમારી માંગણી છે. જશવંતગઢ ખાતે અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તાર ડો. આંબેડકર કોલોનીને અડીને પાળાની બાજુમાં આખા ગામની ખુલ્લી ગટરનું ગંદુ પાણી અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તારની બાજુમાથી પસાર થાય છે. આ ગંદુ પાણી અહીંથી પસાર થતું અટકાવવા વિનંતી છે. જશવંતગઢ ગામ ખાતે રહેતા અને અભ્યાસ કરતા તમામ વર્ગના બાળકો માટે ધોરણ ૧૧–૧૨ ની કોમર્સ અને સાયન્સના અભ્યાસ ક્રમ વાળી સરકારી સ્કૂલ શઢ કરવા અને ધોરણ ૧૨ પછી કોલેજના અભ્યાસ માટે સરકાર દ્વારા આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ શરૂ કરવા વિનંતી છે. જશવંતગઢ ગામ ખાતે ગુજરાત વાહન વ્યવહાર નિગમ દ્વારા ચલાવવામા આવતી એસ. ટી. બસો જશવંતગઢ ગામમાં આવતી નથી અને બે કિલોમીટર કરતા વધારે દૂર અમરેલી –રાજકોટ હાઈવે પર આવેલ પીક–અપ સ્ટેન્ડ પર આવી જતી રહે છે તે બસો જશવંતગઢ ગામમાં આવે અને મુસાફરોને ગામમાં જ એસ. ટી. બસની સુવિધા મળે તે બાબતે કાર્યવાહી કરો જશવંતગઢ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકર કોલોની અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તારમાં પીવાના પાણીના બે ટાંકા આવેલ છે તેમાં જૂનો જર્જરીત પાણીનો ટાંકો લીકેજ અને પાણી ટપકતી હાલતમાં છે જે વર્ષો જૂનો ટાંકો તોડી પાડવામાં આવે તેવી જશવંતગઢ ખાતે આવેલ અનુસૂચિત જાતિ રહેણાંક વિસ્તાર ડો. આંબેડકર કોલોનીમાં ગટરના ગંદા પાણીની ગંદકી પાઈપ લાઈન વાટે નિકાલ કરવા માટે પ્લાસ્ટિકની ગોળ પાઈપ લાઈન નાખવાની કામગીરી બે–શેરીમાં કરવામાં આવેલ છે અને એક વચ્ચેની શેરીમાં ગંદા પાણીના નિકાલ માટેની મંજુર થયેલ કામ હેઠળ ગોળ પાઈપ લાઈન નાખવામાં આવેલ નથી જશવંતગઢ ખાતે અનુસૂચિત જાતિ અને અન્ય ગરીબ વર્ગના ભૂમિહીન ખેતમજૂર લોકોને ગામમાં મફત પ્લોટ મળી રહે તે માટે સરકારે ગામતળની જમીન નીમ કરેલ હતી.

આ ગામતળની સરકારે નિમેલ જમીન પર તારીખ ૧૦/૫/૨૦૨૩ થી ૧૮/૫/૨૦૨૩ સુધીના સમય ગાળામાં અને હાલમાં પણ તારીખ ૦૪/૫/૨૦૨૪ થી આજ સુધી સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા અજાણ્યા વણ ઓળખાયેલ લોકો સાથે મળી ઊંડા ખાડા કરી માટીની ચોરી કરી જમીન પર પ્લોટ પડી ન શકે તે હદે નુકશાન કઢં સરકારી જમીનને હાની પહોંચાડી, અનુસૂચિત જાતિના લોકોને ફાળવેલ જમીન પર બુલડોઝર ચલાવી સરકારી મિલ્કતને કરેલ નુકશાન અને માટીચોરી કરી લઈ જવા બાબતે કરવામાં આવેલ રજૂઆતમા કોઈજ પગલા ભરવામાં આવેલ નથી. આ બાબતે તાત્કાલિક કડક અને નિષ્પક્ષ કાર્યવાહી કરવા અંતમાં રજુઆત કરેલ છે.

## રાજુલા : શંખેશ્વરી માતાજીના મંદિરે ૩૪મો પાટોત્સવ ઉજવાયો



રાજુલા, તા. ૧૬

રાજુલા શહેરમાં આવેલ શંખેશ્વરી માતાજીના મંદિરે દર વર્ષની માફક આ વર્ષે પણ ૩૪ મો પાટોત્સવ ઉજવાયો આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું પાટોત્સવના આગલે દિવસે ભવ્યથી ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવેલું જેમાં નામાંકિતો કલાકારોએ લોક ડાયરામાં જમાવટ કરાવેલી ત્યારબાદ બીજા દિવસે મંદિર ખાતે હવનનું આયોજન કરવામાં આવેલું આ હવનમાં બહોળી સંખ્યા માં ભાવિક ભકોએ હાજરી આપેલી સવારના હવન અને સાંજના સમયે બીડું હોમવાના સમયે બહોળી સંખ્યામાં લોકો એકત્રિત થયેલા સાંજે મહા આરતી નું આયોજન કરવામાં આવેલ ત્યારબાદ પ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલું સાથે સાથે મંદિરની બાજુમાં એક જગ્યા રાખવામાં આવેલું તેનું ટ્રસ્ટીઓના હસ્તે આ જગ્યાનો ખાત મુર્હુત કરવામાં આવેલું અત્રે ઉલ્લેખનીય બાબતે એ છે કે આ જગ્યા માટે ટ્રસ્ટીઓ દ્વારા તેમજ સમગ્ર સમાજ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવે છે ત્યારે શંખેશ્વરી મંદિરના મુખ્ય ટ્રસ્ટી અને પ્રમુખ દ્વારા આવતા વર્ષે જયારે પાટોત્સવનું આયોજન કરવામાં નું હોત ત્યારે સમાજના તમામ લોકોને મુંબઈથી રાજુલા આવવા જવાનો તમામ ખર્ચો આ ટ્રસ્ટના પ્રમુખ દ્વારા જાહેર કરવામાં આવેલ આ શંખેરી મંદિરમાં પાટોત્સવ નિમિત્તે વિવિધ શહેરોમાંથી સમાજના અનેક લોકો હાજર રહે છે અને અહીંયા સતત બે દિવસ સુધી એક ધાર્મિક માહોલ જોવા મળે છે.

સમગ્ર કાર્યક્રમમાં રાજુલા શહેરમાંથી અનેક વેપારીઓ અગ્રણીઓ તેમજ આગેવાનોએ હાજરી આપેલી સમગ્ર કાર્યક્રમ ને પ્રમુખ ધરમદાસ નંદલાલ મહેતા, મેનેજીંગ ટ્રસ્ટી અનુપભાઈ પ્રતાપભાઈ મહેતા તેમજ અન્ય ટ્રસ્ટીઓએ ભારે જહેમત ઉઠાવેલ

## સાવરકુંડલા : હોમગાર્ડ યુનિટ ટીમ રાજય કક્ષાએ રનર્સ અપ બની



સાવરકુંડલા, તા. ૧૬

ખેલ મહાકુંભ અંતર્ગત સાવરકુંડલા હોમગાર્ડઝ યુનિટે રાજય લેવલની રસ્સાખેંચ સ્પર્ધામાં થોડાક પોઈન્ટ સાથે રનર્સ અપ પર સંતોષ માનવો પડયો હતો ને સાવરકુંડલા હોમગાર્ડઝ યુનિટ ફાઈનલમાં પહોંચીને અમરેલી જિલ્લાનું ગેરવ હાંસિલ કર્યુ હતું આ પ્રસંગે જિલ્લા હોમગાર્ડઝ કમાંડર રોહિત મહેતા, સાવરકુંડલા હોમગાર્ડઝ કમાંડર પ્રવીણભાઈ સાવજે હોમગાર્ડઝ જવાનોના રસ્સા ખેંચ ટીમના કેપ્ટન ફારૂકભાઈ જાખરા તથા મોહમ્મદ ઈસ્માઈલ બ્લોચ, અતુલ મેર, પંકજ જયાણી, વિશાલ વ્યાસ, સલીમ ચૌહાણ, વીનુ વાળા, મોહમ્મદ મકવાણા અને મુકેશભાઈ માઢ ને અભીનંદન આપીને બિરદાવ્યા હતા ને રાજયભરની ખેલ મહાકુંભની ફાઈનલમાં રનર્સઅપની મેળવેલી સિધ્ધિની સરાહના કરી હતી.

### વાહન ચાલકોએ ખુશી વ્યકત કરી

## ખાંભાથી ઉનાનો બંધ થયેલ માર્ગ સ્થાનિક પોલીસે ખુલ્લો કર્યો

**પોલીસ વિભાગ જનતાનો મિત્ર હોવાનુ સાબિત થયુ**



ખાંભા, તા ૧૬

સારા કામમાં સૌ સહભાગી આવી એક સૌરાષ્ટ્રમાં કહેવત છે અને એમાં પોલીસનું જયારે નામ આવે ત્યારે ફક્ત પોલીસ બંદોબસ્તમાં જ હોય ટ્રાફિકમાં પોલીસ હોય છે તેવી બાબતો લોકોને નજરમાં હોય છે ત્યારે આવી આ એક ઘટના જે ખાંભા પોલીસે કરી સરાહનીય કામગીરી કરતા લોકોને વાહ કહેવું પડ્યું.

ખાંભા પોલીસ પેટ્રોલિંગમાં હોય ત્યારે ખાંભા પોલીસને માહિતી મળી કે ભારે પવનના લીધે ખાંભા થી ઉના જવાના રસ્તા પર પવનના કારણે વૃક્ષો પડી ગયેલ હોય અને આ રસ્તો બંધ થયેલો હોય તેવી માહિતી ખાંભા પોલીસને મળતા પેટ્રોલિંગ કરી રહેલ ખાંભા પોલીસ સ્ટાફ પી.એસ.આઈ હડિયા તથા એ.એસ.આઈ બી. એમ.વાળા, મિતેષભાઈ વાળા, ધનાભાઈ પરમાર, રાજુભાઈ બોદર, ભલાભાઈ ગમારા, ધર્મેશભાઈ ઠાકર વગેરે પોલીસ સ્ટાફ રસ્તા પર ઝાડ પડેલ હતા ત્યાં પહોંચી અને પોલીસે પોતે આ ઝાડ હટાવવાની કામગીરી કરી અને થોડા જ સમયમાં આ માર્ગ ખુલ્લો કરવામાં પોલીસને સફળતા મળે ત્યારે ત્યાંથી પસાર થયેલા તમામ લોકોએ કહ્યું વાહ.

### તાત્કાલિક હનુમાનજી મંદિર ચિતલ રોડ ખાતે

## અમરેલી ખાતે આજે પૂ. મુકતાનંદજી બાપુનાં ૬૬માં પ્રાગટયોત્સવની ઉજવણી

**બટુકભોજન, પાણીનાં કૂંડાનું વિતરણ કરાશે**

અમરેલી, તા. ૧૬

ગીર પંથકમાં શિક્ષણની જલધારાના ઊર્મિ તરંગો જેમણે પાથરીયા છે તેમજ રાષ્ટ્રભાવના મંત્રોચ્ચાર સદાય પોતાના મુખ્યથી ઉચ્ચારણ કરતા જુનાગઢ જિલ્લાના વિસાવદર નજીક આવેલ ચાપરડા સુરેવધામ ધામ આશ્રમના મહંત શ્રી બ્રહ્માનંદ શૈક્ષણિક સંકુલના સ્થાપક તેમજ પંચઅગ્નિઅખાડાના સભાપતિ અને ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પરમ પૂજય



મુક્તાનંદજીબાપુનો ૬૬ મો પ્રાગટય દિવસ નિમિત્તે સૌરાષ્ટ્ર તેમજ દેશ વિદેશમાં વિવિધ સેવાકીય કાર્યક્રમો કરવામા આવશે જેમાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ વિકાસ મંડળ અમરેલી શહેર દ્વારા પરમ પૂજય બાપુના પ્રાગટય દિવસ નિમિત્તે સેવા જયોતનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે જેમાં પક્ષીઓ માટે પાણીના કુંડા પક્ષીઘર નાના બાળકોને બટુક ભોજન ગાયને ઘાસચારો અને હનુમાન ચાલીસાના પાઠ જેવા વિવિધ કાર્યક્રમ શ્રી તાત્કાલિક હનુમાનજી મંદિર અવધ રેસિડેન્સીની બાજુમાં અમરેલી રાખવામાં આવેલ છે. જેની યાદી અંકિતભાઈ બુટક અને સંજયભાઈ દ્વારા કરવામાં આવેલ છે.

### જિલ્લા વિદ્યાસભા સંચાલિત

## અમરેલીની માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનું બી.એ. સેમે.–૦૧ નું ઉજ્જવળ પરિણામ

**દ્રષ્ટિ ખુમાણ, સુનેરા પઠાણ અને પ્રાંજલ મહેતાનું શ્રેષ્ઠ પ્રદર્શન**

અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરની મધ્યમાં ચિતલ રોડ ઉપર છેલ્લા ૩૨ વર્ષથી કાર્યરત, શિક્ષણક્ષેત્રે તથા સામાજીક સેવાનાંક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરતી, એકમાત્ર ગ્રાન્ટેડ માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જાન્યુઆરી–૨૦૨૪ માં આયોજીત બી.એ.સેમ.૦૧ ની પરિક્ષામાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીનીઓએ પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

પ્રથમ : ખુમાણ દ્રષ્ટિ રમેશભાઈ, દ્વિતીય : પઠાણ સુનેરા અમજદખાન, તૃતીય : મહેતા પ્રાંજલ સંજયભાઈ કુલ પાસ થયેલ ૧૧૮ માંથી ૧૧૬ વિદ્યાર્થીનીઓએ ફર્સ્ટ કલાસ અને ડિસ્ટીકશન મેળવીને સંસ્થાને વિશેષ ગૌરવ પ્રાપ્ત કરાવ્યું છે. ઉર્તીણ થનાર તમામને તથા વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ તથા કેમ્પસ ડાયરેકટર વી.એલ. પેથાણી, ઈન્ચાર્જ આચાર્ય ડો.બી.આર.ચુડાસમા તથા સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

## અમરેલી : આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમરેલી, તા. ૧૬

અમરેલી આઈ.ટી.આઈ. ખાતે વિવિધ ૨૫ જેટલા ટ્રેડમાં અભ્યાસક્રમ શરૂ છે. આ ટ્રેડ – અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ હોય, તા.૧૩ જુન, ૨૦૨૪ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ શકશે. આઈ.ટી.આઈ. ખાતેના વિવિધ પ્રકારના આ ટ્રેડસમાં, ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારી આપતા અને અભ્યાસ કરનાર પોતે પણ સ્વરોજગારી મેળવી શકે તે રીતે અનુભવી સ્ટાફ દ્વારા તાલીમ પુરી પાડવામાં આવે છે. ઔદ્યોગિક એકમોમાં રોજગારી મળી રહે અને તેવા એકમોની જરૂરિયાતો– માંગને અનુરૂપ હોય ટ્રેડ પરની બેઠકો પર પ્રવેશ મેળવી શકાશે. સરકારી અને ખાનગી નામાંકિત એકમોમાં પ્લેસમેન્ટ અને એપ્રેન્ટિસશીપ તથા રોજગારી પુરી પાડતા ઈલેકટ્રોનિકસ, ફિટર, મિકેનિક મોટર વ્હિકલ, ડિઝલ મિકેનિક, ફાયર વેલ્ડર, પ્લમ્બર, આર્મેચર, ટુ વ્હિલર રીપેર, બ્યુટી પાર્લર, સીવણ ટ્રેડમાં પ્રવેશ મેળવી શકાય છે.

ફી અંગેની વિગતો માટે સંસ્થા ખાતે સંપર્ક કરવો. પ્રવેશ માટે ઓનલાઈન https://itiadmi ssion. gujarat.gov.in વેબસાઈટ પર ધોરણ ૮ પાસથી ગ્રેજયુએશન કર્યુ હોય તેવા ઉમેદવારો તા.૧૩ જુન, ૨૦૨૪ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી શકે છે. આ પ્રક્રિયા માટે આઈ.ટી.આઈ. અમરેલી ખાતે નિઃશુલ્ક હેલ્પ સેન્ટર સુવિદ્યા ઉપલબ્ધ છે. મો.૯૭૧૨૨ ૭૯૭૨૭ વ્હોટસએપ નંબર પર પોતાનાં ડોકયુમેન્ટ મોકલવાથી ઘરે બેઠા પણ ફોર્મ ભરી શકાશે. તેમ અમરેલી આઈ.ટી.આઈ.નાં આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી : એ.આર.ટી.ઓ. દ્વારા મોટર કાર વાહનો માટેની નવી સિરીઝ માટે ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

અમરેલી તા.૧૬

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા નોન ટ્રાન્સપોર્ટ મોટર કાર વાહનો માટેની નવી સિરીઝ જીજે ૧૪ બીજી ૦૦૦૧ થી ૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૨૫.૦૫.૨૦૨૪ સાંજે ૪ વાગ્યા થી તા.૨૮.૦૫.૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે. બિડિંગ સમય ગાળો તા.૨૮.૦૫.૨૦૨૪ થી તા. ૩૦.૦૫.૨૦૨૪ સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા. ૩૦.૦૫.૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે.

ઓનલાઈન ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan. gov.in/ parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે.

અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ–ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવાની રહેશે. ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ–ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### રાહુલ ગાંધીના 'ખટાખટ ખટાખટ' વાળા નિવેદન પર બોલ્યા મોદી

# ૪ જૂન પછી બંને શહેજાદા વેકેશન પર જશે ખટાખટ ખટાખટ : મોદી

## મોદીએ ઉત્તર પ્રદેશની પ્રતાપગઢ બેઠક પર ભાજપની જનસભામાં સંબોધન દરમિયાન રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ પર શાબ્દિક પ્રહારો કર્યા

પ્રતાપગઢ, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશની પ્રતાપગઢ બેઠક પર ભાજપની જનસભામાં સંબોધન દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પર શાબ્દિક પ્રહારો કર્યા છે. તેમણે રાહુલ ગાંધીના 'ખટાખટ ખટાખટ'વાળા નિવેદનનો જડબાતોડ જવાબ આપવાની સાથે ઉત્તર પ્રદેશના વિકાસનો ઉલ્લેખ કરી અખિલેશ પર પણ નિશાન સાધ્યું છે. રાહુલે એક ચૂંટણી સભામાં કહ્યું હતું કે, 'અમારી સરકાર બન્યા બાદ બેંક ખાતાઓમાં ખટાખટ ખટાખટ નાણાં મોકલાશે.' ત્યારે વડાપ્રધાને રાહુલ નિવેદનને ટાંકીને કહ્યું કે, 'તેમના મગજને કોઈ સમજાવે કે, રાબરેલીની પ્રજા પણ તેમને ખટાખટ ખટાખટ મોકલી દેશે. તેઓ અમેઠીથી ગયા હવે રાબરેલીમાંથી પણ જશે.' તેમણે અખિલેશ પર નિશાન સાધી કહ્યું કે, 'સમાજવાદી પાર્ટીના કારણે ઉત્તર પ્રદેશ પાછળ ધકેલાયું હતું, હવે અહીં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે.' ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે આ વખતની લોકસભા ચૂંટણીમાં સોનિયા ગાંધીની અમેઠી બેઠક પરથી રાહુલ ગાંધીને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. વડાપ્રધાન રાહુલ પર નિશાન સાધતા કહ્યું કે, 'દેશ ચલાવવો સોનાની ચમચી લઈને જન્મેલા બાળકોનો ખેલ નથી. દેશ ચલાવવો તમારું કામ નથી. ચાર જૂન બાદ મોદીની સરકાર તો આવશે જ, આ સાથે ઘણું બધુ થવાનું છે. ચાર જૂન બાદ ઈન્ડી ગઠબંધન તૂટતી જોવા મળશે ખટાખટ ખટાખટ... પરાજય થયા બાદ બલીના બકરાને શોધવામાં આવશે ખટાખટ ખટાખટ. લખનઉવાળા શહેજાદા (અખિલેશ યાદવ) અને દિલ્હીવાળા શહેજાદા (રાહુલ ગાંધી) ઉનાળાની રજાઓ ગાળવા દેશમાંથી બહાર જતા રહેશે ખટાખટ ખટાખટ... આ બંને લોકો ખટાખટ ખટાખટ ભાગી જશે, ત્યારે માત્ર અમે એકલા જ રહીશું.

તેમણે વધુમાં કહ્યું કે, 'કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન ૧૦ વર્ષથી સત્તામાંથી બહાર છે. તેમની કાળી કમાણી ખતમ થઈ ગઈ છે, તેથી જ તેમની નજર દેશની તિજોરી પર છે.' અનામત ખતમ કરવાના અને બંધારણને બદલવાના આક્ષેપો પર વડાપ્રધાને વળતો જવાબ આપી કહ્યું કે, 'કોંગ્રેસે કર્ણાટક અને તેલંગણામાં OBCનું અનામત લઘુમતીઓને આપી દીધું છે. તેઓ બંધારણ બદલી દેશભરમાં આવું કરવા માંગે છે અને સમાજવાદી પાર્ટી આ મુદ્દે કશું જ બોલતી નથી. તેમની તૃષ્ટીકરણ નીતિ માત્ર અહીં જ અટકી નથી, આ લોકો મોદી વિરુદ્ધ વૉટ જેહાદ કરી રહ્યા છે. તેમના લોકોએ જ કહ્યું કે, તેમની સરકાર આવશે તો રામલલાને પરી ટેન્ટમાં મોકલી દેશે અને રામ મંદિરને તાળું મારી દેશે.' વડાપ્રધાને કહ્યું કે, 'મોદી છે, ત્યાં સુધી આ લોકો ધર્મના નામે દલિતો-પછાતના અનામતની લૂંટ કરવાનું વિચારી પણ નહીં શકે. મોદી છે, તેથી તેમના માટે અસંભવ છે. જ્યાં સુધી મોદી છે, ત્યાં સુધી રામલલાને ટેન્ટમાં મોકલવાના દિવસો નહીં આવે.

દેશની પ્રજા આવા લોકોને ટેન્ટમાં રહેવા મજબૂર કરી દેશે. તમારી સંપત્તિ વોટ જેહાદ કરનારા લોકોને વેચાશે, પરંતુ મોદી આવું ક્યારેય થવા નહીં દે. સમાજવાદી પાર્ટીની રાજનીતિથી સૌથી વધુ નુકસાન ઉત્તરપ્રદેશને થયું છે. પરિવારવાદ અને તૃષ્ટિકરણના કારણે રાજ્યની અધોગતિ થઈ હતી, પરંતુ હવે યુપી ફરી વિકાસના પાટા પણ દોડી રહ્યું છે.'

### તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાય તેવી શક્યતા

# ૧૮ મે સુધી આકરા તાપની આગાહી કરવામાં આવી

## શુક્રવાર અને શનિવાર વચ્ચે ઉત્તર પશ્ચિમ મધ્ય પ્રદેશ અને બિહાર માટે હીટવેવની ચેતવણી પણ જારી કરાઈ

નવી દિલ્હી, તા.૧૬

અત્યારના સમયમાં સૌ કોઈ ભડભડતા તાપથી પરેશાન થઈ ચૂક્યા છે અને ઉનાળાની કાળજાળ ગરમી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે તેની વચ્ચે ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે તાપમાન અંગે આગાહી કરવામાં આવી છે. જેમાં સપ્તાહના અંતમાં ઉત્તરપશ્ચિમ ભારત અને દિલ્હી-NCRમાં હીટવેવની સ્થિતિ પાછી આવશે, તાપમાન ૪૫ ડિગ્રીને સ્પર્શે તેવી આગાહી છે. ભારતીય હવામાન વિભાગએ ૧૬ મે થી ૧૮ મે સુધી પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને દિલ્હી સહિત બહુવિધ ઉત્તર અને ઉત્તર પશ્ચિમી રાજ્યોમાં હીટવેવની સ્થિતિની આગાહી કરી છે. IMDની આગાહી મુજબ, દિલ્હી અને નજીકના રાજ્યોમાં તાપમાનની અપેક્ષા છે. શનિવાર, મે ૧૮ સુધી ધીમે ધીમે વધશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે સપ્તાહના અંતમાં દિલ્હીમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને સ્પર્શે તેવી શક્યતા છે. ગુરૂવારથી ઉત્તરીય રાજ્યોમાં સીધા સૂર્યપ્રકાશ તરફ દોરી જતા શુષ્ક પશ્ચિમી અને ઉત્તરપશ્ચિમી પવનો તેમજ સ્વચ્છ આકાશને કારણે તાપમાનમાં વધારો થયો છે. ''છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાં પારો વધી રહ્યો છે અને આ સપ્તાહના અંત સુધી ચાલુ રહેવાની શક્યતા છે કારણ કે કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કે વરસાદની અપેક્ષા નથી. શુક્રવાર સુધીમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસને સ્પર્શી શકે છે અને શનિવારે ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. કેટલાક સ્ટેશનો હીટવેવ માટેના માપદંડોને પૂર્ણ કરી શકે છે,'' IMD અધિકારીએ જણાવ્યું હતું. IMDની તાજેતરની આગાહી મુજબ, હીટવેવની સ્થિતિ પશ્ચિમ રાજસ્થાનને ૧૫ મે થી ૧૮ મે સુધી અસર કરશે, જ્યારે પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પંજાબ અને દક્ષિણ હરિયાણામાં આજથી શનિવાર સુધી હીટવેવ જોવા મળશે. શુક્રવાર અને શનિવાર વચ્ચે ઉત્તર પશ્ચિમ મધ્ય પ્રદેશ અને બિહાર માટે હીટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. રાજસ્થાનના ભાગોમાં આગામી પાંચ દિવસ સુધી ગરમ અને ભેજવાળું હવામાન યથાવત રહેશે, હવામાન એજન્સીએ આગાહી કરી છે. ૧૭ મે થી ૧૯ મે સુધી પંજાબ, હરિયાણા અને દિલ્હી દ્રઝઈ સહિત ઉત્તરીય મેદાનોમાં હીટવેવની સ્થિતિ વધુ તીવ્ર બનશે, રાષ્ટ્રીય રાજધાની આ સપ્તાહના અંતમાં સિઝનની તેની પ્રથમ હીટવેવની સાક્ષી બનશે. રાજધાનીમાં હજુ હીટવેવનો દિવસ નોંધાયો નથી કારણ કે મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 4.5°C કરતાં વધુ નથી. દરમિયાન, IMD એ આગાહી કરી છે કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૩૧ મે સુધીમાં કેરળમાં પહોંચશે, રાજ્યના ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. "દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય રીતે કેરળમાં ૧ જૂને આશરે સાત દિવસના પ્રમાણભૂત વિચલન સાથે સેટ થાય છે. આ વર્ષે, દક્ષિણપશ્ચિમ ચોમાસું ૩૧ મેના રોજ કેરળમાં સેટ થવાની સંભાવના છે," IMD એ એક પ્રકાશનમાં જણાવ્યું હતું. IMDએ વધુમાં જણાવ્યું હતું કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૧૯ મેની આસપાસ દક્ષિણ આંદામાન સમુદ્ર, દક્ષિણપૂર્વ બંગાળની ખાડીના કેટલાક ભાગો અને નિકોબાર ટાપુઓમાં આગળ વધવાની સંભાવના છે.

### TMC સુપ્રીમો મમતા બેનર્જીએ કહ્યું

# ઇન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો અમે બહારથી સમર્થન આપીશું

## મમતાએ કહ્યું કે લોકસભા ચૂંટણી પછી ઇન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો તે આ સરકારમાં સામેલ નહીં થાય

કોલકાતા, તા.૧૬

લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. દેશમાં કોની સરકાર બનશે તે તો ૪ જૂને પરિણામ જાહેર થયા બાદ જ ખબર પડશે. આ પહેલા વિપક્ષી ગઠબંધન સરકાર બનાવવાની યોજનાઓ પર નિવેદન આપવાનું શરૂ કરી ચુક્યું છે. TMC સુપ્રીમો મમતા બેનર્જીએ કહ્યું કે જો લોકસભા ચૂંટણી પછી ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો તે આ સરકારમાં સામેલ નહીં થાય પરંતુ બહારથી તેમની પાર્ટીને સમર્થન આપશે. નોંધનીય છે કે ચોથા તબક્કાના ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે કહ્યું હતું કે જો ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે તો તેમને સંપૂર્ણ સમર્થન મળશે. મમતા બેનર્જીએ કહ્યું, "અમે ઈન્ડિયા ગઠબંધનને નેતૃત્વ પ્રોવાઇડ કરીશું અને તેમને દરેક રીતે બહારથી મદદ કરીશું. અમે એવી સરકાર બનાવીશું કે જેથી બંગાળમાં અમારી માતાઓ અને બહેનોને ક્યારેય સમસ્યાનો સામનો ન કરવો પડે. જેઓ ૧૦૦-દિવસમાં કામ કરે છે. રોજગાર યોજના તેમને કોઈ સમસ્યા નહીં થાય" તેમના નિવેદનમાં તેમણે ટીએમસી માટે ઈન્ડિયા ગઠબંધનની તેમની વ્યાખ્યા સ્પષ્ટ કરી હતી. મમતાના 'બહારના સમર્થન'ને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. ભૂતકાળમાં, બંગાળના ભૂતપૂર્વ શાસક પક્ષ CPM સહિત વિવિધ ડાબેરી પક્ષોએ કેબિનેટમાં જોડાયા વિના કેન્દ્રમાં પ્રથમ યુપીએ સરકારને બહારથી ટેકો આપ્યો હતો. બીજી તરફ, મમતા અને તેમની પાર્ટી તૃણમૂલ આ પહેલા પણ ઘણી વખત કેન્દ્ર સરકારમાં સીધી રીતે જોડાઈ ચૂકી છે. મમતા ૧૯૯૮માં બનેલી ૧૩ મહિનાની અટલ બિહારી વાજપેયી સરકારમાં સામેલ ન થયા પરંતુ તેને બહારથી સમર્થન આપ્યું. બાદમાં મમતા સહિતના તૃણમૂલ નેતાઓ વાજપેયી અને મનમોહનના મંત્રીમંડળમાં ઘણી વખત રહ્યા. તૃણમૂલ ૧૯૯૯ થી ૨૦૦4 સુધી વાજપેયી સરકારમાં હતી. ૨૦૦૯માં મમતાને મનમોહન કેબિનેટમાં પણ સામેલ કરવામાં આવ્યા હતા.એક અલગ નિવેદનમાં, મમતા બેનર્જીએ ચૂંટણી પંચ (EC)ને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશો હેઠળ કામ કરતી કઠપૂતળી ગણાવી હતી. એક ચૂંટણી રેલીને સંબોધતા, બેનર્જીએ બે મહિનાના સમયગાળામાં ચૂંટણીઓનું આયોજન કરવા માટે ચૂંટણી પંચની ટીકા કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે ભારે ગરમીને કારણે સામાન્ય લોકોને થતી મુશ્કેલીઓને અવગણીને ભાજપની તરફેણમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

### આયુષ્માન કાર્ડ ને લઈ સરકારનો નવો નિયમ

# આયુષ્માન કાર્ડની આડમાં રૂપિયા કમાવા થતી આડેધડ સર્જરીઓ થશે બંધ

## આયુષ્માન કાર્ડના આધારે ખાનગી હોસ્પિટલોમાં જરૂર ન હોય છતાં કરાતી સર્જરીઓ પર અંકુશ લાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૬

આયુષ્માન કાર્ડના નામે કેટલાંક લેભાગુ અને લાલલુ ડોક્ટરો ખોટી પ્રેક્ટીસ કરીને રૂપિયા કમાતા હોવાનું ઘણીવાર સામે આવી ચુક્યું છે. આયુષ્માન કાર્ડના નામે ખોટા ક્લેઈમ થતા હોવાનું પણ સરકારના ધ્યાને આવી ચુક્યું છે. આ એક આખુ મોટું કૌભાંડ ચાલે છે, જેમાં કાર્ડ કઢાવી આપનારા એજન્ટોથી લઈને કેટલાંક સરકારી કર્મચારીઓ અને મોટા મોટા તબીબો પણ સામેલ હોવાનું સરકારના ધ્યાન આવ્યું છે. જેથી ખાનગી હોસ્પિટલોના તબીબોની ખોટી સર્જરીઓ અને માત્ર સરકાર પાસેથી બિલ પાસ કરાવવા દર્દીના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાની વૃત્તિ રોકવા માટે સરકારે કડક પગલું લીધું છે. સરકારના ધ્યાને આવ્યુ છે કે, જરૂર ના હોય તો પણ ખાનગી હોસ્પિટલોના કેટલાંય મોટા મોટા તબીબો રૂપિયા કમાવવાની લાલચમાં ખોટા રિપોર્ટ કરાવીને દર્દીની ખોટી રીતે સર્જરી કરી દેતાં હોય છે. આમાં ઘણાં બધાં લોકો સામેલ હોય છે. ઘણીવાર તો ગરીબ દર્દીને પણ ખાનગી હોસ્પટલો દ્વારા સર્જરી કરાવવા માટે પૈસાની લાલચ આપવામાં આવે છે. તો મોટાભાગના કિસ્સામાં ખાનગી હોસ્પિટલના તબીબો ખોટા રિપોર્ટ કરાવીને દર્દીને તાત્કાલિક સર્જરી કરાવવી પડશે એવું કહીને ડરાવે છે, અને આયુષ્માન કાર્ડમાં રૂપિયો પણ ખર્ચવો નહીં પડે એમ કહીને સર્જરી કરી દે છે. ઘણાં દર્દી પાસે આયુષ્માન કાર્ડ ના હોય તો ખાનગી હોસ્પિટલના તબીબો એજન્ટો પાસેથી તાત્કાલિક કાર્ડ કઢાવવાનું પણ સેટીંગ ધરાવે છે. આ એક મસમોટું કૌભાંડ છે. જેમાં ઘણી મોટી મોટી ખાનગી હોસ્પિટલના મોટા મોટા ડોક્ટરો પણ સામેલ છે.આયુષ્માન કાર્ડથી રૂપિયા બનાવવા માટે જરૂર ના હોય છતાં આડેધડ થતી સર્જરીઓને રોકવા સરકારે મોટું પગલું લીધું છે. હવેથી ૫૫ વર્ષથી નાની વયના લોકો આયુષ્માન કાર્ડ હેઠળ ની-રિપ્લેસમેન્ટ એટલેકે, ઘૂંટણની સારવાર ખાનગી હોસ્પિટલમાં નહીં કરાવી શકે. હવે તેવા દર્દીઓ માત્ર સરકારી હોસ્પિટલોમાં જ આ અંગેની સારવાર વિનામૂલ્યે કરાવી શકશે. રાજ્યમાં પાંચ વર્ષમાં ની-રિપ્લેસમેન્ટ કરાવનારા કુલ દર્દીઓમાંથી ૧૫થી ૨૦ ટકા દર્દી ૫૫થી ઓછી વયના હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ વિગતો એ દિશામાં ઈશારો કરે છેકે, બોગસ, લેભાગુ અને લાલચુ ડોક્ટરોએ તબીબી સેવાને એક ગંદો ધંધો બનાવી દીધો છે. આવા લાલચુ ડોક્ટરો ખોટી રીતે પૈસા કમાવવા માટે દર્દીના શરીરમાં બિનજરૂરી સર્જરીઓ કરીને આયુષ્માન કાર્ડ મારફતે સરકાર પાસેથી પૈસા પડાવવાનું કૌભાંડ ચલાવે છે. અહીં વાત માત્ર ની-રિપ્લેસમેન્ટથી અટકી જતી નથી. અન્ય બીમારીઓમાં પણ બોગસ પ્રેક્ટિસ કરતા તબીબો આ જ પ્રકારનો હથકંડો અપનાવે છે. જોકે, એ બાબતે હજુ સરકારે કોઈ પગલાં લીધાં નથી. ત્યાં સુધી આવા બોગસિયાઓનો ધંધો ચાલ્યાં કરશે.આયુષ્માન કાર્ડ હેઠળની-રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટ રિવિઝન અને ગર્ભાશયની સર્જરી હવે સરકારી હોસ્પિટલોમાં જ કરાવી શકાશે. ખાનગી હોસ્પિટલોમાં આડેધડ થતી સર્જરીઓ પર લગામ કસવા આ કવાયત શરૂ કરાઈ છે. હાલના સમયમાં સાંધાની વિવિધ સર્જરીના પ્રમાણમાં વધારો થયો છે. નાની ઉંમરના લોકોમાં જરૂર ન હોય તો પણ ની રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટ રિવિઝન અને ગર્ભાશયની સર્જરી થતી હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યું હતું. આવ્યું હતું. જેથી આયુષ્માન કાર્ડ હેઠળ ૫૫ વર્ષથી નાની વયના લોકો માટે આ ત્રણ સર્જરી માત્ર સરકારી હોસ્પિટલમાં જ કરાવી શકાય તેવો નિયમ લાવવાની ફરજ પડી છે.

આરોગ્ય વિભાગનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે આયુષ્માન કાર્ડ હેઠળ અગાઉ કોઈ પણ ઉંમરની વ્યક્તિની ની રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટની રિવિઝન સર્જરી તેમ જ ગર્ભાશયની કોથળી (હિસ્ટ્રેક્ટોમી) સર્જરી રિઝર્વ રાખવામાં આવી છે. એટલે કે પહેલાં આ ત્રણેય સર્જરી ખાનગી હોસ્પિટલમાં થઈ શકતી હતી, પરંતુ નાની ઉંમરના લોકોમાં ની રિપ્લેસમેન્ટની સર્જરીઓનું અચાનક પ્રમાણ વધી જતા અને બોગસ કેસો સામે આવતા સરકારે નિયમોમાં બદલાવ કરવાની ફરજ પડી છે.ખાનગી હોસ્પિટલમાં હાલ આ પ્રકારની સર્જરીનો ખર્ચ લગભગ દોઢથી બે લાખ રૂપિયા સુધી થાય છે. પહેલાં ખોટી સર્જરીઓ કરીને કેટલાંક બોગસ તબીબો આ રકમ આયુષ્માન કાર્ડના નામે સરકાર પાસેથી પડાવતા હતાં. જેનો હવે ભાંડો ફૂટી ચુક્યો છે.

### Phone pay કંપનીએ ગ્રાહકો માટે કરી મોટી જાહેરાત

# PhonePeએ LankaPay સાથે પાર્ટનરશીપની જાહેરાત કરી

## શ્રીલંકા જતા ભારતીયો હવે કરી શકશે મની ટ્રાન્જેક્શન

નવી દિલ્હી, તા.૧૬

ભારત ડિજિટલ વિશ્વમાં સતત સારુ કરી રહ્યો છે. મની ટ્રાજેક્શન હોય કે પેમેન્ટ હવે બધું જ સરળ બની ગયું છે. આમાં સૌથી મોટો ફાળો UPI પેમેન્ટ સર્વિસનો છે, PhonePe અને GooglePay જેવી કંપનીઓની સાથે Pa અંદ્વએ પણ આ સેવાને લોકોમાં લોકપ્રિય બનાવવામાં ઘણું કામ કર્યું છે. તેમાંથી હવે PhonePe એ તેના ગ્રાહકો માટે એક નવી સેવા શરૂ કરી છે, જેની મદદથી શ્રીલંકા જતા ભારતીયો પણ PhonePe એપની મદદથી સરળતાથી UPI પેમેન્ટ કરી શકશે. PhonePe એ બુધવારે LankaPay સાથે ભાગીદારીની જાહેરાત કરી છે. આ કંપનીના યુઝર્સને શ્રીલંકામાં UPI (યુનિફાઇડ પેમેન્ટ ઈન્ટરફેસ) પેમેન્ટ કરવાની સુવિધા પૂરી પાડશે. આનાથી શ્રીલંકા જનારા પ્રવાસીઓને ઘણો ફાયદો થશે. તેઓ LankaPay ના ઊઈ કોડને સ્કેન કરીને PhonePe દ્વારા સરળતાથી UPI પેમેન્ટ કરી શકશે.આ સેવા શરૂ થયા પછી PhonePe ગ્રાહકો LankaPay QR કોડ સ્કેન કરી શકશે અને સુરક્ષિત રીતે જલદી પેમેન્ટ કરી શકશે. આનો બીજો ફાયદો એ થશે કે આ માટે તેમને કરન્સી એક્સચેન્જ કરવાની જરૂર નહીં પડે, પરંતુ શ્રીલંકામાં ટ્રાન્ઝેક્શન કરવા પર તેમણે રૂપિયા અને શ્રીલંકન કરન્સી વચ્ચે એક્સચેન્જ રેટ ચૂકવવો પડશે.

PhonePeના CEO રિતેશ પઈએ કહ્યું હતું કે PhonePe અને LankaPay વચ્ચેના સહયોગથી ભારતીય પ્રવાસીઓને ઘણી સુવિધા મળશે. તેઓ હવે મુસાફરી કરતી વખતે અને Lanka Pay QR નો ઉપયોગ કરતી વખતે સેવાઓ અને સામાન માટે ચૂકવણી કરી શકશે. આ પ્રસંગે LankaPay ના CEO ચન્ના ડી'સિલ્વાએ કહ્યું કે અમે આના ફાયદા જોઈને ઉત્સાહિત છીએ. આનાથી શ્રીલંકામાં પ્રવાસ દરમિયાન ભારતીય પ્રવાસીઓ અને વેપારી પ્રવાસીઓ માટે ચૂકવણીની સુવિધા મળશે.આ પ્રસંગે શ્રીલંકામાં ભારતના હાઈ કમિશનર સંતોષ ઝાએ જણાવ્યું હતું કે UPI પેમેન્ટ એ બંને દેશો માટે ડિજિટલ ભાગીદારીનું માધ્યમ છે. મોટા લક્ષ્યો સુધી પહોંચવાનો આ એક મહત્વપૂર્ણ ભાગ છે.ડિજિટલ પેમેન્ટ એપ્લિકેશન PhonePe એ ઓગસ્ટ ૨૦૧૬ માં ભારતમાં કામ કરવાનું શરૂ કર્યું. તેના ૫૨ કરોડથી વધુ યુઝર્સ છે. આ પ્લેટફોર્મ પર નોંધાયેલા ૩.૮ કરોડ વેપારીઓ પણ છે જેઓ ડિજિટલ પેમેન્ટ સ્વીકારે છે.

### લખનૌ એરપોર્ટ પર બંને સાથે જોવા મળ્યા

# બિભવ કુમાર અરવિંદ કેજરીવાલ સાથે જોવા મળ્યો

## દિલ્હીના મુખ્યમંત્રીના અંગત સહાયક બિભવ કુમાર, જેમણે સ્વાતિ માલીવાલ સાથે "દુર્વ્યવહાર" કર્યો હતો

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સહાયક બિભવ કુમાર, જેમણે સ્વાતિ માલીવાલ સાથે "દુર્વ્યવહાર" કર્યો હતો, તે લખનૌ એરપોર્ટ પર દિલ્હીના મુખ્યમંત્રીની સાથે જોવા મળ્યો હતો. અરવિંદ કેજરીવાલના અંગત મદદનીશ બિભવ કુમારે AAP સાંસદ સ્વાતિ માલીવાલ સાથે ''દુર્વ્યવહાર'' કર્યાના દિવસો પછી ગઈ કાલે મોડી રાત્રે લખનૌ એરપોર્ટ પર દિલ્હીના મુખ્ય પ્રધાનની સાથે જોવામાં આવ્યો હતો. AAPના રાજ્યસભાના અન્ય સાંસદ સંજય સિંહ પણ મુખ્યમંત્રીની સાથે જોવા મળ્યા હતા. અરવિંદ કેજરીવાલ લખનૌમાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધવા પહોંચ્યા હતા.. મંગળવારે, સંજય સિંહે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યુંહતુંકે બિભવ કુમારે અરવિંદ કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાન પર સ્વાતિ માલીવાલ સાથે "દુર્વ્યવહાર" કર્યો હતો અને મુખ્યમંત્રી આ મામલે કડક પગલાં લેશે. સ્વાતિ માલીવાલે મુખ્યમંત્રીના નિવાસસ્થાનેથી પોલીસ કોલ કર્યાના અને સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગયાના એક દિવસ બાદ આ નિવેદન આવ્યું હતું. બુધવારે, સંજય સિંહ સ્વાતિ માલીવાલને મળ્યા, તેમ છતાં ભારતીય જનતા પાર્ટીએ AAP સુપ્રીમો પર તેના હુમલાને તીક્ષ્ણ બનાવ્યો, તેમને સ્વચ્છ આવવા કહ્યું અને દોષિતો સામે કાર્યવાહીની માંગ કરી. આમ આદમી પાર્ટીના નેતાઓએ સંજય સિંહની પૂર્વ ડીસીડબ્લ્યુ ચીફ સાથેની મુલાકાત વિશે વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો, જેઓ અસ્પષ્ટ રહ્યા હતા. સ્વાતિ માલીવાલના નિવાસસ્થાને મળેલી બેઠકને તેમના પક્ષના સાથીદારને શાંત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે, જે તેની શરૂઆતથી AAP સાથે છે. દરમિયાન, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર અરવિંદ કેજરીવાલ સાથે બિભવ કુમારની તસવીર શેર કરતી વખતે અરવિંદ કેજરીવાલની ટીકા કરી હતી.બિભવ કુમાર પર એફઆઈઆર નથી તેના બદલે કેજરીવાલ તેને બચાવી રહ્યા છે! તેની સાથે ફરતા.. તે સ્પષ્ટ છે- સ્વાતિ માલીવાલ પર હુમલો ખુદ કેજરીવાલના કહેવાથી કરવામાં આવ્યો હતો. શીશ મહેલ અપરાધ મહેલ છે અને દ્રૌપદી ચિરહરનની જેમ જ - એક મહિલા રાજ્યસભા સાંસદ હિંસા, હુમલાનો ભોગ બની હતી. હજુ સુધી પોલીસનો સંપર્ક કર્યો નથી. AAPનો સાચો ચહેરો - મહિલા અરાજકતા વિરોધી પાર્ટી,'' શેહઝાદ પૂનાવાલાએ કહ્યું.

### કેજરીવાલે લખનઉમાં પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો

# મોદી વર્ષ ૨૦૨૫ માં નિવૃત થશે અને અમિત શાહ પીએમ બનશે

## ભાજપને ૨૨૦થી ઓછી બેઠકો મળશે : ભાજપ લોકસભા ચૂંટણી ૨૦૨૪ જીતી શકશે નહીં : અરવિંદ કેજરીવાલ

લખનૌ, તા.૧૬

આમ આદમી પાર્ટીના વડા, જેઓ વચગાળાના જામીન પર બહાર છે, જો કે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (BJP) ૨૦૨૪ની લોકસભા ચૂંટણી જીતી શકશે નહીં. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે લખનૌમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા તેમના અગાઉના દાવાને પુનરાવર્તિત કર્યા હતા કે મે ૨૦૨૫ માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નિવૃત્તિ પછી ગૃહ પ્રધાન અમિત શાહ દેશના વડા પ્રધાન બનશે. તે જ પ્રેસ કોન્ફરન્સમાં, આમ આદમી પાર્ટીના વડાએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (BJP) ૨૦૨૪ની લોકસભા ચૂંટણી જીતી રહી નથી.વડાપ્રધાન મોદી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ૭૫ વર્ષના થશે. મોદીએ અમિત શાહને તેમના અનુગામી બનાવવા અને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ તેમને PM બનાવવાનો નિર્ણય લીધો છે. પીએણ મોદીએ હજુ સુધી એવું કહ્યું નથી કે તેઓ ૭૫ વર્ષ પછી નિવૃત્ત થશે નહીં, પીએમ મોદીએ આ નિયમ બનાવ્યો છે અને મને પૂરી આશા છે કે તેઓ આ નિયમનું પાલન કરશે,'' કેજરીવાલે કહ્યું. સુપ્રીમ કોર્ટે ૧૦ મેના રોજ એક્સાઈઝ પોલિસી કેસના સંબંધમાં દિલ્હીના મુખ્યમંત્રીને વચગાળાના જામીન આપ્યા હતા. સર્વોચ્ચ અદાલતે કેજરીવાલને ૨ જૂને શરણાગતિ સ્વીકારવાનું કહ્યું છે. સમાજવાદી પાર્ટી અને આમ આદમી પાર્ટી વિપક્ષી ભારતીય જૂથના ઘટક છે.છેલ્લા કેટલાક દિવસોમાં, શાહ અને બીજેપીના અન્ય કેટલાક નેતાઓએૅસ્ મોદીની ૭૫ વર્ષની વયે નિવૃત્તિ અંગેના કેજરીવાલના દાવાને નકારી કાઢ્યા છે. શાહે કહ્યું કે મોદી પૂર્ણ મુદત માટે ઁસ તરીકે ચાલુ રહેશે, અને ભાજપના બંધારણમાં કોઈ નિવૃત્તિની ઉંમરનો ઉલ્લેખ નથી. પીએમ મોદી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ૭૫ વર્ષના થશે.કેજરીવાલે વધુમાં કહ્યું કે, વલણો દર્શાવે છે કે ભાજપને ચૂંટણીમાં ૨૨૦થી ઓછી બેઠકો મળી રહી છે. "હરિયાણા, દિલ્હી, પંજાબ, કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, યુપી, બિહાર, ઝારખંડ અને રાજસ્થાનમાં તેમની બેઠકો ઓછી થવા જઈ રહી છે. ભાજપ તેની સરકાર બનાવવા જઈ રહ્યું નથી, ભારત બ્લોક તેની સરકાર બનાવવા જઈ રહ્યું છે," તેમણે કહ્યું. જણાવ્યું હતું.લોકસભા ચૂંટણીના બાકીના ત્રણ તબક્કામાં ઉત્તર પ્રદેશની ૪૧ જેટલી બેઠકો પર મતદાન થશે. આ ૧૪ બેઠકોમાંથી પ્રત્યેક બેઠકો પર પાંચમા અને છઠ્ઠા તબક્કામાં ૨૦ અને ૨૫ મેના રોજ મતદાન થશે. બાકીની ૧૩ બેઠકો પર ૧ જૂનના રોજ છેલ્લા તબક્કામાં મતદાન થશે. ઉત્તર પ્રદેશ ૮૦ સભ્યોને લોકસભામાં મોકલે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિક્રમી ત્રીજી મુદત માટે ઈચ્છુક ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ આ ચૂંટણીમાં ૪૦૦ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. શાસક ગઠબંધનને કોંગ્રેસની આગેવાની હેઠળના વિરોધ પક્ષો દ્વારા ઈન્ડિયા બ્લોકના બેનર હેઠળ પડકારવામાં આવે છે.

### નાના-મોટા નેતા રેલીમાં મોદીની નજીક જવા ઈચ્છે છે

# એક નેતાને મોદી સાથે મંચ પર સ્થાન ન મળતા રાજીનામું ધર્યું

## દરેકના પોતાના તર્ક હોય છે : પીએમ મોદીની નજીક ફોટો પડાવવાથી ઘણાં લોકોને મોટા ફાયદા પણ થતા હોય છે

મુંબઈ, તા.૧૬

નેતાજી જબરા રીસાણા...આ કિસ્સો જાણીને એક તરફ તમને હસવું આવશે અને બીજી તરફ તમે વિચારમાં પડી જશો કે શું ખરેખર આવું પણ થઈ શકે ખરાં...સીએમ હોય કે પીએમ એમની સાથે ફોટો પડાવવો, એમની સાથે ઉભા રહેવું દરેકને ગમે. કારણકે, જાહેર જીવનની મોટી હસ્તીઓ સાથે ફોટા પડાવાથી લોકો પણ તમને કંઈક વિશેષ રીતે નોટિસ કરતા હોય છે. એ સ્વભાવિક વસ્તુ છે. સામાન્ય લોકોની સાથે પક્ષના કાર્યકરોને આવી વિશેષ ઈચ્છા હોય એ પણ સમજી શકાય છે. આવી સ્થિતિમાં હાલમાં જ એક રેલી દરમિયાન બન્યો વિચિત્ર કિસ્સો. જાણીને તમે પણ અચરજમાં મુકાઈ જશો.હાલ પીએમ મોદી લોકસભાની ચૂંટણીના પ્રચાર અર્થે વિવિધ રાજ્યોનો પ્રવાસ કરી રહ્યાં છે. એવામાં દરેક નાના-મોટા નેતા પોતાની રેલીમાં પીએમ મોદીની નજીક જવા ઈચ્છે છે. દરેકના પોતાના તર્ક હોય છે. પીએમ મોદીની નજીક ફોટો પડાવવાથી ઘણાં લોકોને મોટા ફાયદા પણ થતા હોય છે. અહીં હોદ્દા અને પાવરનો કમાલ હોય છે. એમાંય સામાન્ય વ્યક્તિની સરખામણીએ નેતાઓમાં પીએમ સાથે ફોટો પડાવવાની હોડ લાગતી હોય છે. જોકે, રેલી દરમિયાન આવા જ એક નેતાને સ્ટેજ પર પ્રધાનમંત્રી મોદી સાથે બેસવાની ઈચ્છા હતી. પરંતુ નેતાજીની આ ઈચ્છા પુરી ના થઈ શકી. સુરક્ષાનું કારણ હોય કે પછી અન્ય કોઈ કારણસર નેતાજીને પીએમ મોદીની સાથે સ્ટેજ પર બેસવાની જગ્યા ના મળી. મંચ પર મોદી સાથે બેસવાની જગ્યા ના મળી તો આ નેતાજીએ રીસાઈને ધરી દીધું રાજીનામું.

ઘણીવાર નેતાઓની સભાઓમાં સ્ટેજ તૂટવાની ઘટનાઓ બને છે. વીડિયો પણ વાયરલ થાય છે. હવે સ્ટેજ પર બેસવા માટે જગ્યા ન મળતા નારાજ એક નેતાએ રાજીનામું આપી દીધું છે. હા, રેલી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હતી. મોટા કાર્યક્રમોમાં નેતાઓને બેસવા માટે બે થી ત્રણ લેયર બનાવવામાં આવે છે. જોકે, શિવસેના શાંદે જૂથના નેતાને ક્યાંય સ્થાન મળ્યું નથી. મહારાષ્ટ્રના કલ્યાણની વાત છે. વડાપ્રધાનની રેલી દરમિયાન સ્ટેજ પર સ્થાન ન આપવાથી નારાજ શિવસેનાના સ્થાનિક અધિકારી (એકનાથ શિંદે)એ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. થાણે જિલ્લાના કલ્યાણ-મુરબાડ વિધાનસભા ક્ષેત્રમાં પાર્ટી એકમના પ્રભારી અરવિંદ મોરેએ જણાવ્યું હતું કે સ્ટેજ પર સ્થાન ન મળવાના વિરોધમાં તેમણે તેમના પદ પરથી રાજીનામું આપ્યું છે. વડા પ્રધાન મોદીએ બુધવારે સાંજે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર અને કલ્યાણથી શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેના સમર્થનમાં એક રેલીને સંબોધિત કરી હતી. એકનાથ શિંદેને લખેલા પત્રમાં, મોરેએ જણાવ્યું હતું કે શિવસેનાના દિવંગત નેતા (અને શિંદેના માર્ગદર્શક) આનંદ દીઘેના સમયમાં તેમણે મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી હતી અને પ્રોટોકોલ મુજબ, તેમને પ્રાઈમ દરમિયાન અન્યો સાથે સ્ટેજ પર હાજર રહેવાની તક આપવામાં આવી હતી. તેમને પણ મંચ પર અન્ય નેતાઓની જેમ પીએમ મોદીને મળવાનો તેમની સાથે બેસવાનો ચાન્સ મળવો જોઈતો હતો. તેમણે કહ્યું કે તેમનું નામ યાદીમાં ન હોવાથી તેઓ પાર્ટીમાં તેમના પદ પરથી રાજીનામું આપી રહ્યા છે.નાસિક રેલીમાં પીએમએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. જોકે, તે સમયે મંચ પર આ નેતાને સ્થાન ન મળવાથી નેતાજી નારાજ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું.

### વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી અંતર્ગત

# મોટા દેવળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં ગામોમાં સર્વેલન્સની કામગીરી કરાઈ

## ગ્રામજનોને જાગૃત કરવાની કામગીરી કરાઈ



અમરેલી, તા.૧૬

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા તા. ૧૬/૫/૨૦૨૪ના રોજ વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી પ્રસંગે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર– મોટા દેવળીયા તળેનાં ગામોનાં ઘરોમાં સઘન સર્વેલનસ કામગીરી કરવામાં આવેલ હતી. જે ઘરોમાંખુલ્લાપાત્રોજેવામળેત્યાંએબેટ દ્વારા મચ્છરના પોરાનો નાશ કરવામાં આવેલ. સતત ખુલ્લા પાત્રો જોવા મળેલ ત્યા ગપ્પીફીશ મુકવામાં આવેલ તેના ફાયદાવિશે ગ્રામજનોનેઆરોગ્યશિક્ષણ આપવામાં આવેલ. ગ્રામજનોને સતત ખુલ્લા પાત્રો ઢાંકવા, હવા ચુસ્ત ઢાંકીને રાખવા, દર અઠવાડીયાએ પાણીનાં પાત્રો સાફ – સફાઈ કરવા તથા શરીર સંપુર્ણ ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા, સાંજનાં સમયે લીમડાનો ધુમાડો કરવા, ઠંડી સાથે તાવ આવે તાત્કાલિક લોહીની તપાસ કરાવવી વગેરે વિવિધ બાબતે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. સાથે ગંદા પાણીનાં ખાડા ખાબોચિયામાં બળેલ ઓઈલ નાખવાની કામગીરી પણ કરવામાં આવેલ.

આમ, ઉપરોકત સંપુર્ણ કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર ડો. આર.આર. મકવાણા, પ્રા.આ. કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો.મિહીર મેહતા, ડો. એ.પી.ઠાકર, તા.હે. સુપરવાઈઝર રાજેશભાઈ સલખણા, સુપરવાઈઝર રૂપેશભાઈ રાજાનાં માર્ગદર્શન હેઠળ તમામ મ.પ.હે.વ.ફી.હે.વ. આશા ફેસી. આશા બહેનો દ્વારા ખુબ જ બહોળી સંખ્યામાં રોગચાળા અટકાયત કામગીરી કરવામાં આવી હતી.

### કેન્દ્ર પર પાણીની કે બેસવાની વ્યવસ્થા સુદ્ધા નથી

# રાજકોટમાં આવક-જાતિના દાખલા માટે સવારથી લાગી લાંબી કતારો

## ધોરણ ૧૦-૧૨નું પરિણામ આવ્યા બાદ જાતિ, ક્રિમિલેયર અને આવકના દાખલા કઢાવવા માટે લોકોને ભારે હાલાકી

રાજકોટ, તા.૧૬

રાજકોટમાં બહુમાળી ભવનમાં સવારના ૭ વાગ્યાથી જ જાતિના દાખલા કઢાવવા માટે લાંબી લાઈનો લાગી રહી છે. ધોરણ ૧૦-૧૨નું પરિણામ આવ્યા બાદ આવક અને જાતિના સર્ટીફિકેટ લેવા માટે લોકોને કલાકો લાઈનમાં ઉભા રહેવુ પડે છે અને ભારે હાલાકી પડી રહી છે. બહુમાળી ભવન ખાતે ધોમધખતા તાપ વચ્ચે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓ ક્રિમીલેયર અને આવકના દાખલા માટે લાંબી કતારોમાં ઉભા રહેવા મજબુર બન્યા છે. મોટી સંખ્યામાં આવતા અરજદારો માટે ભારે ગરમી વચ્ચે ના તો પાણીની વ્યવસ્થા છે કે ના તો બેસવાની કોઈ વ્યવસ્થા છે.દાખલા કઢાવવા માટેની ત્રણ ત્રણ બારીઓ હોવા છતા લાંબી કતારો લાગે છે. દરરોજ ૩૦૦થી વધુ દાખલા કાઢી આપવામાં આવતો હોવાનો કચેરી દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ આવ્યા બાદ વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે એડમિશન મેળવવા ફોર્મ ભરવામાં આવકના તેમજ જાતિના પ્રમાણપત્રની જરૂર પડતી હોય છે. વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં ફોર્મ ભરવાનુ હોવાથી દાખલા કઢાવવા માટે લાંબી કતારો લાગી રહી છે. વહેલી સવારથી જ સેન્ટર પર મોટી સંખ્યામાં લોકો દાખલા કઢાવવા માટે લાઈનમાં ઉભા રહી જાય છે. ત્યારે તંત્ર દ્વારા પણ વધુ માણસો રાખી દાખલા કાઢી આપવાની પ્રક્રિયા ઝડપી બનાવવી જોઈએ. જેથી વિદ્યાર્થીઓને સમયસર દાખલા પણ રહે અને તેમને મુશ્કેલીનો સામનો પણ ન કરવો પડે. આ માત્ર રાજકોટની સ્થિતિ નથી, અમદાવાદ,સુરતમાં પણ આ જ સ્થિતિ જોવા મળી રહી છે, આવક, જાતિ, ક્રિમીલેયલ સર્ટીફિકેટ માટે રોજ સવારથી કચેરીઓમાં લાંબી લાઈનો લાગી રહી છે અને લોકો કલાકો સુધી તપ ધરે ત્યારે તેમને દાખલા મળી રહ્યા છે. આ અંગે સુરતના વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ પણ કલેક્ટરને પત્પર લખી આવકના દાખલા માટે યોગ્ય વ્યવસ્થા કરવા રજૂઆત કરી હતી. ધારાસભ્ય કુમાર કાનાણી જનતાના વિવિધ મુદ્દાઓને લઈને અવારનવાર પત્ર લખી રજૂઆત કરતા રહે છે. ત્યારે હાલ આવકના દાખલાને લઈને પડતી હાલાકીને લઈને પણ કલેક્ટરને પત્ર લખી યોગ્ય વ્યવસ્થા કરવા રજૂઆત કરી હતી. આ પત્રમાં તેમણે એજન્ટ દ્વારા ઓપરેટર સાથે સાંઠગાંઠ કરીને પૈસા લઈને ૨ કલાકમાં આવકના દાખલા કાઢી આપવામાં આવતા હોવાનો આક્ષેપ પણ કર્યો છે. તેમજ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયા પહેલા વિદ્યાર્થીઓને સમયસર દાખલા મળી રહે તેના માટે તંત્ર દ્વારા અગાઉથી વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈએ તેવી માગ પણ કરી છે.

### રૂ. ૯૪.૧૮ લાખની ઠગાઈના કેસમાં ધરપકડ

# ઓનલાઈન ૯૪.૧૮ લાખની ઠગાઈના કેસમાં ૧૭ યુવકોની ટોળકીની ધરપકડ

## વડોદરામાં સાયબર ક્રાઇમ પોલીસે ઠગાઈના કેસમાં ટોળકીની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે

વડોદરા, તા.૧૬

વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે ૯૪.૧૮ લાખની ઠગાઈના કેસમાં ૧૭ યુવકોની ટોળકીની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા છે. ઓનલાઈન ફ્રોડના કિસ્સાઓ દિવસેને દિવસે વધી રહ્યા છે. ત્યારે આ ઓનલાઈન ફ્રોડના ગુનાઓને રોકવા માટે વડોદરા સાયબર ક્રાઈમ એક્શન મોડમાં જોવા મળ્યું હતું. વડોદરામાં સાયબર ક્રાઈમ પોલીસે ઓનલાઈન રૂ. ૯૪.૧૮ લાખની ઠગાઈના કેસમાં ૧૭ યુવકોની ટોળકીની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. રિમાન્ડ દરમિયાન મુખ્ય આરોપી સુધી પહોંચવા માટે માહિતી મેળવવામાં આવશે. એક તરફ ભેજાબાજો લોકોને ઠગવા માટે અવનવા હથકંડા અપનાવી રહ્યા છે. ત્યારે બીજી તરફ આવા ભેજાબાજોને ઝડપી પાડવા માટે સાયબર ક્રાઈમની ટિમ રાત દિવસ એક કરી રહી છે અને હાલ વડોદરા સાયબર ક્રાઈમની ટીમને સાયબર ક્રિમિનલ્સને પકડવામાં મોટી સફળતા મળી છે. જેમાં ૧૭ જેટલા યુવકોએ કમિશનની લાલચમાં સાયબર ક્રિમિનલ્સને બેંક ખાતું ઉપયોગમાં આપ્યું હતું.એલ એન્ડ ટી કંપનીના પૂર્વ ડે. જનરલ મેનેજર રામાક્રિષ્ણા બેડુદુરી પાસેથી ઓનલાઈન રૂ. ૯૪.૧૮ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ ઠગાઈના કેસમાં બેંકના ટ્રાન્ઝેક્શન પર સાયબર પોલીસની બાજ નજર હતી. જેના આધારે સાયબર ક્રાઈમ પોલીસે ૧૭ યુવકોની ધરપકડ કરી માસ્ટર માઈન્ડ સુધી પહોચવા માટે આરોપી યુવકોને કોર્ટમાં રજૂ કરી સાયબર પોલીસે બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

૯૪,૧૮,૦૦૦ રૂપિયાની ઠગાઈના કેસમાં વડોદરા, સુરત અને અમદાવાદના અલગ અલગ એકાઉન્ટમાં ૫-૫ લાખ રૂપિયા જમા થયા હતા. આ બધા એકાઉન્ટ્સની તપાસ કરી વડોદરાના કુલ ૧૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ભેજાબાજો દ્વારા ભોગબનનારને સોશિયલ મીડિયાના અલગ અલગ માધ્યમો દ્વારા લિંક મોકલવામાં આવતી હતી. જેમાં વધુ પૈસા કમાવવાની લાલચ આપવામાં આવતી હતી. જેના બાદમાં ભોગ બનનાર પાસે ગૂગલ ફોર્મ ભરાવી તેમની માહિતી મેળવવામાં આવતી હતી. જેના બાદમાં તેમનો સંપર્ક કરી થર્ડ પાર્ટી એપ્લિકેશ "એંજલ ડોટ બી.જી." ડાઉનલોડ કરાવી એ એપ્લિકેશન માધ્યમ થી લોકો સાથે છેતરપિંડી આચરવામાં આવતી હતી.

આરોપીઓની નામ

૧. અબ્રારખાન નવાબખાન પઠાણ (ઉ.વ.૨૩) (રહે, રાવપુરા)
૨. શાહરુખ રઝાકભાઈઈ વ્હોરા (ઉ.વ.૨૫) (રહે, શિયાબાગ)
૩. ગોમેસી મનિષભાઈ દવે (ઉ.વ.૨૦) (રહે, શિયાબાગ)
૪. સલીમમીયા શૌકતહુસેન શેખ (ઉ.વ.૪૨) (રહે, રાવપુરા)
૫. ઈખ્તીયારઅલી હસમતઅલી સૈયદ (ઉ.વ.૨૨) (રહે, બાવામાનપુરા)
૬. ઝરાર બિલાલભાઈ સોદાગર (ઉ.વ.૩૧) (રહે, નાગરવાડા)
૭. હરીશ સલીમભાઈ મીર (ઉ.વ.૨૪) (રહે, તાંદલજા)
૮. વસીમખાન ફિરોજખાન બેલીમ (ઉ.વ.૨૪) (રહે, સોમા તળાવ)
૯. મહંમદ આફતાબ મુસ્તાકભાઈ બેગ (ઉ.વ.૨૨) (રહે, સોમા તળાવ)
૧૦. અદનાન ઈલિયાસભાઈ શેખ (ઉ.વ.૨૨) (રહે, તાંદલજા)
૧૧. ?લિયાકત યુસુફભાઈ શેખ (ઉ.વ.૪૭) (રહે, પરશુરામનો ભઠ્ઠો)
૧૨. મહેબુબ ઈબ્રાહિમભાઈ આગેવાન (ઉ.વ.૨૨) (રહે, આજવા રોડ)
૧૩. શાહરુખ સિદ્દીકભાઈ ધોબી (ઉ.વ.૨૯) (રહે, બહુચરાજી રોડ)
૧૪. સાહિલ યુસુફમીયા શેખ (ઉ.વ.૨૪) (રહે, યાકુતપુરા)
૧૫. કબીર અહેમદ મહંમદ શબ્બીર મનસુરી (ઉ.વ.૨૧) (રહે, પાણીગેટ)
૧૬. સોહિલ કાસમભાઈ શેખ (ઉ.વ.૨૫) (રહે, નાગરવાડા)
૧૭. રમીઝઅલી મુસ્તાકઅલી કાદરી (રહે, નાગરવાડા)

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ન્યૂ કેલેડોનિયા ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારે સેંકડો માઇલ દૂર સ્થિત છે

# હિંસક વિરોધ બાદ ફ્રાન્સે ન્યૂ કેલેડોનિયામાં ઈમરજન્સી લાદી

## દક્ષિણ પેસિફિકમાં સ્થિત ફ્રાન્સના વિદેશી પ્રદેશ ન્યુ કેલેડોનિયામાં હિંસક પ્રદર્શનોને પગલે કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૧૬

ન્યૂ કેલેડોનિયા ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારે સેંકડો માઈલ દૂર સ્થિત છે. ફ્રાન્સના સમર્થકો અને અહીં આઝાદીના સમર્થકો વચ્ચે લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે. ફ્રાંસ સરકારના પ્રવક્તા પ્રિસ્કા થેવેનોટે કહ્યું કે ૧૨ દિવસ માટે ટાપુ પર કટોકટી લાદવામાં આવી છે. દક્ષિણ પેસિફિકમાં સ્થિત ફ્રાન્સના વિદેશી પ્રદેશ ન્યુ કેલેડોનિયામાં હિંસક પ્રદર્શનોને પગલે કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે અહીં હિંસા બાદ એક પોલીસ અધિકારી સિવાય વધુ ત્રણ લોકોના મોત થયા છે.ખરેખર, ન્યૂ કેલેડોનિયા ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારેથી સેંકડો માઈલ દૂર સ્થિત છે. ફ્રાન્સના સમર્થકો અને અહીં આઝાદીના સમર્થકો વચ્ચે લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે. ફ્રાન્સની સરકારના પ્રવક્તા પ્રિસ્કા થેવેનોટે કહ્યું કે ૧૨ દિવસ માટે ટાપુ પર કટોકટી લાદવામાં આવી છે.એજન્સીના જણાવ્યા અનુસાર, ફ્રાન્સના કાયદા અનુસાર, જ્યારે જાહેર વ્યવસ્થા સામે ગંભીર ખતરો હોય ત્યારે ઈમરજન્સી જાહેર કરવામાં આવે છે. આ સ્થાનિક સત્તાવાળાઓને તમામ સત્તાઓ આપે છે. કટોકટી લાદવામાં આવ્યા પછી, જો સત્તાવાળાઓ ઈચ્છે તો, તેઓ તે વ્યક્તિને ગમે ત્યાં પ્રવેશતા અટકાવી શકે છે, જેના કારણે તેમને ભયનો ભય છે.ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના કાર્યાલયથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આવી હિંસા સ્વીકાર્ય નથી. ઈમરજન્સી ઓર્ડર પાછો ખેંચતા પહેલા એ સુનિશ્ચિત કરવામાં આવશે કે ત્યાં સ્થિતિ સામાન્ય થઈ જાય.તમને જણાવી દઈએ કે ન્યૂ કેલેડોનિયામાં તાજેતરની હિંસા ત્યારે શરૂ થઈ જ્યારે ફ્રાન્સની સંસદમાં મતદાનના અધિકારના વિસ્તરણના નિર્ણય પર મતદાનની તૈયારીઓ થઈ રહી હતી. ટીકાકારો કહે છે કે આ ન્યૂ કેલેડોનિયાની સ્થાનિક કનક વસ્તીને હાંસિયામાં ધકેલી શકે છે. એજન્સી અનુસાર, આ વિસ્તારની લગભગ ૩ લાખની વસ્તી લાંબા સમયથી સ્વતંત્રતાની માંગ કરી રહી છે. જ્યારે, અહીં કેટલાક લોકો એવા છે જેઓ ફ્રાંસનો ભાગ બનવા માંગે છે.

### છોટા ઉદેપુરના મોટા કૌભાંડીનું મોત!

# ગુજરાતના સંદીપ રાજપૂતે ૧૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી

## નકલી ઓફિસ કૌભાંડનો આરોપી સંદીપ છેલ્લા ૭ મહિનાથી જેલમાં હતો, તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડોદરા લવાયો

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતના પ્રખ્યાત 'ફેક ઓફિસ કૌભાંડ'ના આરોપી અને માસ્ટરમાઈન્ડ સંદીપ રાજપૂતનું અવસાન થયું છે. સંદીપને ગભરાટ (છાતીમાં દુખાવો)ના કારણે છોટા ઉદેપુરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. સંદીપ પર છોટા ઉદેપુર અને દાહોદમાં નકલી ઓફિસો ખોલીને કરોડોની ગ્રાન્ટ લેવાનો ગંભીર આરોપ હતો. આમ કરીને તેણે સરકાર સાથે લગભગ ૧૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.નકલી ઓફિસ કૌભાંડનો આરોપી સંદીપ છેલ્લા ૭ મહિનાથી જેલમાં હતો. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડોદરા લવાયો છે. તમને જણાવી દઈએ કે સંદીપ રાજપૂતે કેવી રીતે સરકારી યોજનાઓમાંથી ગ્રાન્ટ લઈને ૧૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.ખરેખર, પોલીસના જણાવ્યા અનુસાર, સંદીપે ગુજરાતમાં અલગ-અલગ જગ્યાએ કુલ ૬ ઓફિસો ખોલી હતી. જેમાંથી ૪ કચેરીઓ માત્ર કાગળ પર જ ચાલી રહી હતી. ગયા વર્ષે એટલે કે ૨૦૨૩માં પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે આ કૌભાંડ છેલ્લા ચાર વર્ષથી ચાલી રહ્યું હતું. જેમાં અંદાજે રૂ. ૧૮ કરોડની સરકારી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી.પોલીસે આ કેસમાં તપાસ આગળ ધપાવી ત્યારે સરકારી અધિકારીઓની મિલીભગત પણ સામે આવી હતી. પોલીસે આ કેસમાં નિવૃત્ત આઈએએસ બીડી નિનામાની ધરપકડ કરી હતી. બાદમાં જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગના ઈજનેર ઈશ્વર કોલેચાની પણ ધરપકડ કરવામાં આવી હતી.છેતરપિંડીની પ્રાથમિક તપાસમાં એવું બહાર આવ્યું હતું કે હેતુ અધિકારીએ ૧૦૦ થી વધુ વિકાસના કામો મંજૂર કર્યા હતા, જેમાંથી મોટા ભાગના આ બનાવટી સરકારી કચેરીને આપવામાં આવ્યા હતા. સંદીપ રાજપૂતે સરકારી મીટીંગોમાં પણ ભાગ લઈ છેતરપિંડી આચરી હતી.

### ૧૦ સપ્ટેમ્બરે યોજાશે ચર્ચા

# જો બિડેને રાષ્ટ્રપતિની ચર્ચા માટે આમંત્રણ સ્વીકાર્યું

## વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું કે મતદારો દેશની અર્થવ્યવસ્થાથી અસંતુષ્ટ છે

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. રાષ્ટ્રપતિ પદ માટે ૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ મતદાન થશે. ડેમોક્રેટિક પાટીના સભ્ય અને વર્તમાન પ્રમુખ જો બિડેન ફરી એકવાર ચૂંટણી લડી રહ્યા છે. તેમજ પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત રિપબ્લિકન પાટી તરફથી ચૂંટણી લડી રહ્યા છે. તમામની નજર હવે રાષ્ટ્રપતિ પદની ચર્ચા પર છે. બિડેને ૧૦ સપ્ટેમ્બરે યોજાનારી રાષ્ટ્રપતિની ચર્ચા માટે આમંત્રણ સ્વીકાર્યું છે. એબીસી આ ડિબેટનું આયોજન કરશે.આ અંગે રાષ્ટ્રપતિ જો બિડેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું, 'મને મંગળવાર, ૧૦ સપ્ટેમ્બરના રોજ એબીસી દ્વારા આયોજિત ડિબેટનું આમંત્રણ મળ્યું છે અને મેં તેનો સ્વીકાર પણ કર્યો છે.' તેણે લખ્યું, 'ટ્રમ્પ કહે છે કે તે પોતાના પરિવહનની વ્યવસ્થા જાતે કરશે. હું પણ મારા પ્લેનમાં આવીશ. અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ગયા મહિને એપ્રિલમાં એક સર્વે કરવામાં આવ્યો હતો. પરિણામોમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની લીડ જોવા મળી હતી. સાત રાજ્યોમાં કરવામાં આવેલા આ સર્વેમાં જો બિડેન ૨૦૧૪માં પાછળ હતા. વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું હતું કે મતદારો દેશની અર્થવ્યવસ્થાથી અસંતુષ્ટ છે અને તેમને બિડેનની ક્ષમતાઓ અને નોકરીની કામગીરી અંગે ઊંડી શંકા છે.૭ રાજ્યો પેન્સિલવેનિયા, મિશિગન, એરિઝોના, જ્યોર્જિયા, નેવાડા અને નોર્થ કેરોલિનામાં ટ્રમ્પ બે થી આઠ ટકા પોઈન્ટની વચ્ચે આગળ હતા. જોકે, વિસ્કોન્સિનમાં બિડેન ટ્રમ્પ કરતાં ત્રણ પોઈન્ટ આગળ હતા. સર્વેમાં દરેક રાજ્યમાં રાષ્ટ્રપતિ બિડેનના જોબ પર્ફોર્મન્સ વિશે વધુ નેગેટિવ ફીડબેક જોવા મળ્યા હતા.રાષ્ટ્રીય ચૂંટણીઓ પર નજર રાખતી વેબસાઈટ રિયલ ક્લિયર પોલિટિક્સ અનુસાર, જો ટ્રમ્પ અને બિડેન આ વખતે સામસામે લડાઈમાં છે. મોટા રાષ્ટ્રીય સર્વેક્ષણોની સરેરાશ દર્શાવે છે કે ટ્રમ્પ બિડેન કરતા નાના માર્જિનથી આગળ છે.

# અમરેલી ખાતે શ્રીશ્રી રવિશંકરજી મહારાજનાં જન્મદિનની આર્ટ ઓફ લિવિંગ પરિવાર દ્વારા ઉજવણી



આર્ટ ઓફ લીવિંગ–પરિવાર અમરેલી દ્વારા વેકેશન દરમ્યાન આખુ વિશ્વ જેને ગુરૂ ઓફ જોય અને વાઈઝ મેન ઓફ ધ વર્લ્ડ કહે છે એવા પુજય ગુરૂદેવ રવિશંકરનાં જન્મદીન ૧૩ મે નિમિતે ૧૮૦થી વધુ દેશોમાં ફેલાયેલી વિશાળ સંસ્થા આર્ટ ઓફ લિવિંગ જેના સ્થાપક ગુરુદેવ રવિશંકરજી કે જેણે માનવજીવનને વધુ સુંદર બનાવવા શ્વાસો શ્વાસની ચમત્કારિક સુદર્શન ક્રિયાની ભેટ આપેલ છે. તેવા ગુરૂદેવ રવિશંકરજીના જન્મદિવસ નિમિતે એફસીટી હોલ અમરેલી ખાતે ભવ્ય ઉજવણી થયેલ જેના ભાગરૂપે ગ્લોબલ પાન ઈન્ડિયા હેપીનેસ પ્રોગ્રામનું તારીખ ૮ થી ૧૨ સુધી સવાર અને સાંજ શિબિર ભવ્ય આયોજન થયેલ જેમાં બહોળી સંખ્યામાં ભાગ લીધો અને એક આનંદ પ્રેમ ખુશી સંતોષ સાથે અનુભૂતિ કરેલ. જેને સફળ બનાવવા પૂરી ટીમે જહેમત ઉઠાવેલ. તેમજ ગુરૂજીનાં જન્મદિન ઉજવણી નિમિતે તા. ૧૩/૫/૨૦૨૪ એફસીટી હોલ ટીમ દ્વારા આખો દિવસ ત્રિવિધ કાર્યક્રમનું ભવ્ય આયોજન થયેલ. સવારે ૬ થી ૮ ગુરૂદેવના અવાજમાં લોંગ સુદર્શન ક્રિયા અને ભરપૂર ધમાલ મસ્તી સાથે આર્ટ ઓફ લિવિંગ સેન્ટર–અમરેલી પરથી દિવસની શરૂઆત કરેલ. બપોર બાદ રાજકમલ ચોક ખાતે શરબત સેવાના પ્રોજેકટમાં કુદરતી વાતાવરણ વચ્ચે ચાલુ વરસાદે દુકાને દુકાને ફરી અને લોકોને શરબતનું વિતરણ કરેલ. સાંજે ૭ થી ૮:૩૦ સુધી મહિલા વિકાસ ગૃહ કેરિયા રોડ, અમરેલી ખાતે બાળકો પરિવારને ભાવતું ભોજનની સેવા કરેલ. જન્મદિન ઉજવણી ગુરૂપુજા, દિવ્ય સત્સંગ તથા કેક કર્ટીંગ કરી સ્થાનિક અને જિલ્લાભરમાંથી બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ઉત્સવની ઉજવણી કરેલ. જેને સફળ બનાવવા એફ.ટી.સી. હોલ વોલિંટરી ટીમ અને પ્રશિકશક ટીમે જહેમત ઉઠાવેલ તેમજ વધુ જાણકારી આગામી શિબિર માટે ઉમેશ દુધાતનો ૯૪૨૮૭૯૮૦૭૬ પર સંપર્ક સાધવા તેમની યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ખાંભા પંથકમાં ભારે પવન સાથે

મરચાના વેપારીઓને મોટા પ્રમાણમાં નુકસાન થયુંહતું. પીજીવીસીએલના ૧૦ જેટલા પોલ તેમજ ખેતીવાડી ઈલેવન કે.વી. લાઈન વીજ પોલ ધરાશય થતાં ખાંભા–ઉના સ્ટેટ હાઈવે બંધ થયો હતો ત્યારે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. ખાંભા પી.જી.વી.સી.એલ. ટીમ તેમજ મામલતદાર, પોલીસ સ્ટાફ શહિત ઘટના સ્થળે પહોંચ્યો હતો. પીજીવીસીએલ ટીમે જમીનદોસ્ત થયેલા પોલ હટાવ્યા હતા. તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં ગજેરાપરા અને વિઠ્ઠલપુર

ઘાનાણીની સાડા સાત હોર્ચ પાવરની ડબલ રોટરવાળી જેની આશરે કિંમત રૂપિયા ૧૬,૦૦૦ તથા મઘુભાઈ તળાવીયાની સાડા સાત હોર્સ પાવરની મોટર રૂપિયા૯,૦૦૦ તથા મેહુલભાઈ ચંદુભાઈ ઘાનાણીની હોર્સ પાવરની ડેડકો મોટર જેની કિંમત રૂપિયા ૮૦૦૦ તેમજ બીજી પાંચ હોર્સ પાવરની ડેડકો જેની કિમત રૂા. ૯૦૦૦ મળી કુલ–૬ ઈલેકટ્રીક મોટરો કિંમત રૂા. ૬૫,૦૦૦ ની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

જયારે અમરેલી તાલુકાનાં વિઠ્ઠલપુર ખંભાળીયા ગામની સીમમાં શેત્રુંજી નદીના પટ્ટમાં વિપુલભાઈ નનુભાઈ કાનપરીયા નામનાં ખેડુતરાખેલ સબમર્સીબલ ડેડકો મોટર કિંમત રૂા.૧૩,૦૦૦ ની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ ગયાની પણ ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

આ બનાવની અમરેલી તાલુકા પોલીસે તપાસ હાથ ધરી અમરેલીનાં લીલાનગરમાં રહેતા આરોપી મનોજ ધીરૂભાઈ સોલંકી, રાજેશ ઉર્ફે રાજીયો, ધીરૂભાઈ માથાસુરીયા તથા મેહુલ ઉર્ફે ઉંદડી પ્રકાશભાઈ સોલંકી નામનાં ત્રણ ઈસમોને અુક ભારરીક્ષા, એક મોટરસાયકલ સહિતનાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. જયારે આ બનાવનો એક આરોપી ગૌતમ ઉર્ફે ગટો પ્રકાશ સોલંકી નાસતો ફરતો હોય તેમની શોધખોળ આદરી છે.


## સંકુલ PG & પ્રોફેશનલ કોલેજ ફી 24–25

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| M.Sc. કોલેજ MB-BT | ૨૦૦૦૦ | B.Pharm કોલેજ | ૩૦૦૦૦ |
| PG-DMLT કોલેજ | ૨૦૦૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| B.Ed. કોલેજ | ૨૦૦૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| MBA કોલેજ | ૨૨૫૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |
| MCA કોલેજ | ૨૨૫૦૦ | ધો. ૧ થી ૧૦ CBSE | પ્રોસેસ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ- Ad 028


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૪૫ | ૧૧૨૫ |
| ૨ | ઘઉં | ૪૮૬ | ૪૯૬ |
| ૩ | ચણા | ૧૧૮૫ | ૧૧૮૫ |
| ૪ | મગ | ૧૭૮૬ | ૧૮૧૧ |
| ૫ | તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૬ | શીંગ ફાડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | જીરૂ | ૪૭૫૫ | ૪૭૫૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૪૦ | ૧૨૧૬ |
| ૨ | શિંગ મોટી | ૧૧૩૪ | ૧૨૬૧ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૧૭૦૭ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૪૫૫ | ૧૬૯૬ |
| ૫ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૦૦૦ |
| ૬ | તલ કાળા | ૨૯૭૫ | ૩૩૩૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૦૦ | ૩૦૫૧ |
| ૮ | બાજરો | ૪૫૯ | ૪૫૯ |
| ૯ | જુવાર | ૪૨૫ | ૯૦૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૩ | ૬૧૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૧ | ૫૯૪ |
| ૧૨ | મગ | ૧૪૨૫ | ૧૭૬૫ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૨૫૧ |
| ૧૪ | તુવેર | ૧૨૫૦ | ૨૦૬૧ |
| ૧૫ | કપાસ | ૯૪૦ | ૧૪૮૮ |
| ૧૬ | એરંડા | ૮૦૦ | ૧૦૬૭ |
| ૧૭ | જીરૂ | ૩૨૨૦ | ૫૩૮૦ |
| ૧૮ | રાયડો | ૯૦૪ | ૯૭૬ |
| ૧૯ | ધાણા | ૧૨૧૦ | ૧૫૧૫ |
| ૨૦ | ધાણી | ૧૧૪૦ | ૧૪૯૦ |
| ૨૧ | અજમા | ૨૩૫૫ | ૨૩૫૫ |
| ૨૨ | મેથી | ૭૦૦ | ૧૦૧૫ |
| ૨૩ | સોયાબીન | ૮૧૬ | ૮૬૦ |
| ૨૪ | મરચા લાંબા | ૭૮૦ | ૧૮૩૦ |

## કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ડેંગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોઠડાપીઠા તા. ૧૬

કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સાહેબ તેજમ જીલ્લા મેલેરીયા અધિકારી સાહેબની સુચના અને તાલુકા હેલ્થ ઓફીસર ના માર્ગદર્શન મુજબ કોટડાપીઠા ૧૬ મે ડેગ્યું દિવસ ની ઉજવણી કરવામાં આવી. ડેંગ્યુ રોગ અટકાવવા માટે ઘૂઘરાળા ગામે ગુરૂશીબીર, પત્રીકા વિતરણ અને જન જાગ્રુતી અભીયાનનું પણ આયોજન કરવામાં આવેલું. ૧૬ મે, ૨૦૨૪ ડેંગ્યુ દિવસની ઉજવણી થીમ "ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યું પર નિયંત્રણ મેળવિયે" ના ભાગરૂપે મચ્છર દ્વારા ફેલાતા રોગોથી બચવાના ઉપાયો, ખાડા ખાબોચીયામાં માટી કામથી પુરાણ કરાવવું, મચ્છર દાનીમાં સુવાની ટેવ પાડવી, પાણી ભરેલા પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવા દર ત્રીજા દિવસે વિછળી અને તપાવી ને પછી પાણી ભરવુ. જુના ટાયર ભંગાર વગેરેનો નાસ કરવો, સાંજના સમયે બારી બારણા બંધ રાખવા અને લીમડાનો ધુમાડો કરવો, તાવ આવે એટલે તુરતજ લોહીની તપાસ કરાવી પછી જ દવા લેવી વગેરેની માહીતી સુપરવાઈઝર મેહુલભાઈ દ્વારા આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા.કેન્દ્ર કોટડાપીઠા ની ટીમ દ્વારા ખુબજ જહેમત ઉઠાવવામાં આવી હતી તેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા મેડીકલ ઓફીસરની યાદીમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું પિપાવાવ પોર્ટનાં તળાવ વિસ્તારમાંથી

સતાવી રહ્યો છે વનવિભાગના અધિકારી ગલાણી સાથે વાત થતા વાત કરતા કોહવાઈ ગયેલો મૃતદેહ મળ્યો હોવાનો સ્વીકાર કર્યો હતો ને અગાઉ સિંહો સાથે ઈનફાઈટને કારણે ઈજાગ્રસ્ત સિંહ મૃત પામ્યો હોવાની વિગતો જણાવી હતી જયારે સિંહ મોતને ભેટ્યો ત્યાં સુધી વનવિભાગ કેમ તેનું અવલોકન ના કર્યુ એ મસમોટા સવાલ મોફાડીને સામે ઊભો છે જયારે આ વિસ્તારમાં વનવિભાગના ગાર્ડની શંકાસ્પદ ભૂમિકાઓ હોય અને સિંહો પ્રત્યે બિનસંવેદનશીલ હોવાની વિગતો સિંહ પ્રેમીઓ જણાવી રહ્યા છે ત્યારે આવા વનવિભાગના ગાર્ડ સામે શેત્રુજી ડિવિઝનના બાબુઓ પગલાં ભરવાને બદલે છાવરી રહ્યા હોવાની અનુભૂતિ સિંહ પ્રેમીઓ કરી રહ્યા છે ને દેશની આન બાન અને શાન સમા સિંહો વનવિભાગના પેટ્રોલીંગ ફેરણા થયા હોયતો સિંહ ઈજાગ્રસ્ત હાલતમાં મળી જાત ને સિંહની સારવાર પણ શક્ય બની શકી હોય પણ લાપરવાહી કરતા વનવિભાગના અધિકારીઓ વન વિભાગના આ વિસ્તારના ગાર્ડ સામે કડકાઈ દાખવશે કે પછી સિંહોના મોત પર ફરી કાગળ પર કામગીરીઓ કરીને વનવિભાગ સંતોષ માનશે તે તો સમય જ કહેશે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૬ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૧૬૫ | ૧૨૧૬ |
| ૩ | મગફળી | ૧૦૦૨ | ૧૦૦૨ |
| ૪ | એરંડા | ૧૦૫૧ | ૧૦૮૦ |
| ૫ | સોયાબીન | ૮૦૧ | ૮૦૧ |
| ૬ | જીરૂ | ૪૭૫૧ | ૪૭૫૧ |
| ૭ | મેથી | ૧૦૭૫ | ૧૦૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૩૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૩૨ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૫૫૧ | ૨૭૯૧ |
| ૫ | તલ કાળા | ૩૧૦૦ | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૩૭૦૦ | ૫૫૦૩ |
| ૭ | કપાસ | ૧૨૫૧ | ૧૪૯૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૪૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૨ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૫૧૧ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૭૫૦ |
| ૧૨ | મગ | ૧૬૫૦ | ૧૯૦૭ |
| ૧૩ | ચણા | ૧૧૫૦ | ૧૨૪૦ |
| ૧૪ | તુવેર | ૧૮૦૦ | ૨૦૫૫ |
| ૧૫ | એરંડી | ૧૦૫૦ | ૧૧૧૧ |
| ૧૬ | મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૭ | રાય/રાયડો | ૮૦૦ | ૯૪૩ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૯ | સોયાબીન | ૮૧૦ | ૮૫૫ |

## અમરેલી નૂતન કોમર્સ કોલેજનું ટી.વાય.બી. કોમનું ઉજજવળ પરિણામ



અમરેલી, તા. ૧૬

અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલીત નૂતન કોમર્સ કોલેજના ટી.વાય.બી.કોમ. સેમેસ્ટર ૬ માં કોલેજ પ્રથમ ત્રણ આવનાર (૧) પાથર રિંકલ રમેશભાઈ ૭૫.૭૧% (૨) મકવાણા ઈશા અરવિંદભાઈ ૭૫.૪૨% (૩) ભાલીયા સંદિપ જગદીશભાઈ ૭૨.૨૮% તથા બી.કોમ.સેમેસ્ટર–૬ માં ઉતીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને કોલેજ સ્ટાફ તથા અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટીગણના ખુબ ખુબ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## માંગરોળના નરોલી ગામે એક પેપર મીલમાં આગ લાગવાની ઘટના સામે આવી

સુરત, તા.૧૬

આજે સુરતમાં વધુ એક આગ લાગવાની ઘટના બની છે. સુરતના માંગરોળના નરોલી ગામે એક પેપર મીલમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. બારડોલી, માંડવી, સુમિલોન સહિતના ૧૦ ફાયર વિભાગની ટીમ હાલ સ્થળ પર પહોંચી છે.

રાજયમાં અવારનવારા આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે આજે સુરતમાં વધુ એક આગ લાગવાની ઘટના બની છે. સુરતના માંગરોળના નરોલી ગામે એક પેપર મીલમાં આગ લાગવાની ઘટના સામે આવી છે.બારડોલી, માંડવી, સુમિલોન સહિતના ૧૦ ફાયર વિભાગની ટીમ હાલ સ્થળ પર પહોંચી છે. આગને કાબૂ લેવા માટે ફાયર વિભાગની ટીમ પાણીનો માર કરી રહી છે. જો કે આગ લાગવા પાછળનું કારણ હજુ અકબંધ છે.

## પાના ૮ ઉપરનું ચાલું લાઠીનાં રાભડા ગામે

ધીરૂભાઈ પરમાર નામનાં આરોપી પીધેલી હાલતમાં પરિણીતાના ડેલામાં પ્રવેશ કરીને તેણીને તથા તેણીના સસરાને ગાળો આપતા તેણીએ તેના સસરાને ગાળો આપવાની ના પાડતા આરોપીને સારૂ નહિ લાગતા તેણીના સસરાને જાનથી મારી નાખવાની ધમકી આપેલ. ત્યારબાદ તેણીના સસરાએ પરિણીતાના પતિ વિપુલભાઈને ફોન કરી બોલાવી લેતા આરોપી ભાગીને તેણીના જેઠ લાભુભાઈના ઘરે જઈ ઘરમાં પ્રવેશ કરી તેણીના જેઠની દિકરીઓને પણ જેમ ફાવે તેમ ગાળો આપી તથા તેણીના જેઠની દિકરી ૧૬ વર્ષની તરૂણી સવારના આશરે સાડા દસેક વાગ્યે દુકાને ગયેલ ત્યારે તેની સામે ખરાબ નજરે જોઈ તરૂણીને કહેલ કે તે વાળ કેમ છુટા રાખેલ છે તેમ કહીને છેડતી કર્યાની આરોપી લલીતભાઈ પરમાર સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૦૫ | ૧૪૫૫ |
| ૨ | મગફળી | ૧૧૧૨ | ૧૧૫૮ |
| ૩ | ચણા | ૧૧૪૨ | ૧૨૪૦ |
| ૪ | જીરૂ | ૩૯૧૫ | ૫૫૭૫ |
| ૫ | ઘઉં | ૪૮૪ | ૫૩૬ |
| ૬ | તલ સફેદ | ૨૩૮૦ | ૨૭૫૦ |
| ૭ | એરંડા | ૯૬૧ | ૧૦૦૯ |
| ૮ | મગ | ૧૩૭૫ | ૧૯૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૩૮૨ |
| ૨ | ચણા | ૧૬૫૧ | ૧૨૧૨ |
| ૩ | ધાણા | ૧૨૯૦ | ૧૪૦૧ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૪ | ૫૨૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૩૧ |
| ૬ | મગ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ૭ | મેથી | ૯૦૦ | ૯૭૫ |
| ૮ | જુવાર | ૪૪૦ | ૬૭૬ |
| ૯ | તુવેર | ૨૦૦૦ | ૨૦૨૧ |
| ૧૦ | તલ સફેદ | ૨૪૦૧ | ૨૭૦૦ |
| ૧૧ | મગફળી | ૧૦૦૦ | ૧૧૫૨ |
| ૧૨ | સીંગદાણા | ૧૬૦૦ | ૧૬૬૦ |
| ૧૩ | સીંગફાડા | ૧૩૯૦ | ૧૫૬૦ |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૮૫૦ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૦૧૯ |

## પાના ૮ ઉપરનું ચાલું બાબરામાં પીજીવીસીએલ દ્વારા

જીવનને ભારે અસર જોવા મળી હતી.

સૌથી વધુ અસર પીજીવીસીએલની સેવાને વાવાઝોડાએ કરી હતી જેના કારણે શહેરમાં લગભગ તમામ વિસ્તારમાં વીજપોલ અને વીજ વાયર વૃક્ષ પડતા ધરાશાય થઈ ગયા હતા. પરિસ્થિતિને સમજી તાત્કાલિક અસરથી પીજીવીસીએલના ઈજનેર મકવાણા દ્વારા ૩૫ જેટલા સ્ટાફની અલગ અલગ ટુકડી બનાવી શહેરના વિસ્તારમાં કામે લગાડતા ત્રણ–ચાર કલાકમાં શહેરનો મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો રાબેતા મુજબ કરવામાં આવ્યો હતો અને બીજા દિવસે સવારે ફરી સ્ટાફને કામે લગાડતા બપોર સુધીમાં શહેરનો સંપૂર્ણ વીજપુરવઠો પુર્વવત કરાયો હતો.

બાબરા નગરપાલિકાના પૂર્વપ્રમુખ લલિતભાઈ આંબલિયા અને શહેર ભાજપના અગ્રણી ભુપતભાઈ બસિયા દ્વારા વાવાઝોડામાં કરેલ કામગીરીને અભિનંદન આપી બિરદાવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં દાતરડી ગામ નજીક

ચુડાસમા ત્રણેય વ્યકિત તા.૧૫ના રોજ બીલડીથી લુણસાપુર આખ્યાન જોવા માટે મોટર સાયકલ નંબર જી.જે.–૦૪ ડીઆર–૬૮૨૭ લઈ જતા હતા ત્યારે મોટર સાયકલ બાવકુભાઈ ચલાવતા હતા. તેની પાછળ ભોળાભાઈ તથા પ્રવીણભાઈ બેસેલ હતા. ત્યારે ગઈકાલ રાત્રિના આશરે આઠેક વાગ્યાના સમયે દાતરડી ગામથી આગળ પુલ પાસે પહોંચતા સામેથી રાજુલા તરફથી એક ટ્રકચાલક ફાસ્ટ અને પૂરઝડપે ટ્રક ચલાવી બાવકુભાઈના મોટર સાયકલ સાથે ભટકાવતા મોટર સાયકલ સાથે ત્રણેય જણા ટ્રક નીચે આવી ગયેલા અને આશરે ૧૦૦ મીટર સુધી આ ટ્રકવાળો ત્રણેયને ઢસડી લઈ ગયેલ. જેમાં બાવકુભાઈ ટ્રકના ટાયર નીચે આવી જતા તેને કમરના નીચેના ભાગથી તેનું શરીર જુદુ પડી શરીરના લોચા નીકળી ગયેલ તથા ભોળાભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતા ભોળાભાઈ તથા ભાવકુભાઈ સ્થળ ઉપર જ મરણ થયેલ અને સાથેના પ્રવીણભાઈને હોઠ નીચે દાઢીના ભાગે ઈજા થવા પામેલ હતી. આ અજાણ્યો ટ્રક ચાલક ઉભો રહેલ નહીં અને ટ્રક લઈને નાસી ગયેલો હતો.


## સંકુલ UG - PG કોલેજ ફી 24–25

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| આર્ટસ કોલેજ P-S-E | ૬૬૦૦ | MA કોલેજ P-S-E | ૮૬૦૦ |
| કોમર્સ કોલેજ EM-GM | ૮૬૦૦ | M.Com કોલેજ EM-GM | ૮૬૦૦ |
| સાયંસ કોલેજ MB-BT | ૧૨૪૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| BCA કોલેજ | ૧૨૪૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| BBA કોલેજ | ૯૩૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ- Ad 027


## જાહેર નોટિસ

**અમરેલીના મહે.ચોથા એડીશ્નલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.અમરેલી**

વાદી : નાયબ ઈજનેરશ્રી
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
અમરેલી ટાઉન સબડીવીઝન,
મુ.અમરેલી, તા.વ.જી.અમરેલી

રે.દિ.મુ.નં.૮૮/૨૦૨૩
મુદત તારીખ : ૧૩/૦૬/૨૦૨૪

:: વિરૂધ્ધ ::

પ્રતિવાદી : ભીમજીભાઈ હરીભાઈ
રહે. અમરેલી, ઠે.હનુમાન પરા, મેડી ઉપર,
મુ.અમરેલી, તા.વ.જિ.અમરેલી.

ઉપરોકત જણાવયા મુજબનાં વાદીની પ્રતિવાદી પાસે દાવાવાળી બાકી લ્હેણી રકમ રૂા.૪૨૫૨–૪૧/– પૈસા અંકે રૂપિયા ચાર હજાર બસો બાવન રૂપિયા અને એકતાલીસ પૈસા પુરાની રકમ દાવા તારીખથી વસુલ થતા સુધી ૨૪% ના ચડત વ્યાજસહ તથા દાવાના તમામ ખર્ચસહ મેળવવા અને આ કામના પ્રતિવાદી પાસેથી તેમની જાત અને મિલકત માહેથી વસુલ અપાવવા વાદી વિજવપરાશની લેણી રકમ વસુલ અપાવવા હુકમ કરવા માટે વાદીએ હાલનો દાવો પ્રતિવાદી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં દાખલ કરી તે બદલ ફરિયાદ કરી છે, માટે તમને આ જાહેર સમન્સ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તારીખ **૧૩ મી માહે જુન સને ૨૦૨૪** ના રોજ સવારે ૧૦:૩૦ વાગે સદરહું દાવાનો જવાબ આપવા આ કોર્ટમાં તમારે જાતે અથવા કોર્ટનાં જે પ્લીડરને તમારી હકીકત બરાબર સમજાવી હોય તથા જે એ ફરિયાદીના સઘળા સવાલના જવાબ દઈ શકે તેવા કોઈ બીજા શખ્સને તે પ્લીડરની સાથે રાખીને તે પ્લીડર મારફત હાજર થવું માટે તે દીવસે તમારે તમારા સઘળા લેખીત પુરાવા જેના ઉપર તમે તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર થઈ રહેવું.

અને તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે જો ઉપર જણાવેલ દીવસે તમે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં એ ફરિયાદ સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

વળી તમને એવી નોટીસ આપવામાં આવે છે કે નિર્દીષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલા બજવણી માટે પતો લખવાની તમે કસુર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહી.

આજ તા.૧૬ મી માહે એપ્રિલ સને ૨૦૨૪ના રોજ મારી સહી અને કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**તૈયાર કરનાર (આર.કે.પાવરા) આસીસ્ટન્ટ**

**મુકાબલ કરનાર (એમ.કે.રામાનુજ) સુપ્રિન્ટેન્ડન્ટ**

સિક્કો

**હુકમથી (જે.એ.જાષી) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીની.સીવીલ કોર્ટ અમરેલી**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૨૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૧ | ૨૮૦૦ |
| ૩ | તલ કાળા | ૨૮૫૧ | ૨૮૫૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ૫ | બાજરો | ૪૦૨ | ૫૦૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૯૫ |
| ૭ | જુવાર | ૪૧૫ | ૮૦૦ |
| ૮ | મકાઈ | ૫૩૫ | ૫૩૫ |
| ૯ | મગ | ૧૦૬૧ | ૨૦૦૦ |
| ૧૦ | મેથી | ૭૫૧ | ૧૪૦૧ |
| ૧૧ | તુવેર | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૩૧ |
| ૧૩ | જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| ૧૪ | એરંડી | ૯૦૧ | ૯૦૧ |
| ૧૫ | ધાણા | ૧૩૭૫ | ૧૫૦૦ |
| ૧૬ | રાય | ૯૪૧ | ૯૪૧ |
| ૧૭ | વાલ | ૧૪૧૪ | ૧૪૧૪ |

### પ્રિયંકા ગાંધીની સ્વાતી માલીવાલ મામલે પ્રતિક્રિયા

# હું હંમેશા મહિલાઓની સાથે ઉભી છું પછી તે ગમે તે પક્ષના હોય

## કેજરીવાલ સ્વાતિ કેસ પરના પ્રશ્નોના જવાબ અંગે મૌન

નવી દિલ્હી, તા.૧૬

રાજ્યસભાના સભ્ય સ્વાતિ માલીવાલ પર સોમવારે સવારે દિલ્હીના મુખ્યમંત્રીના નિવાસસ્થાને અરવિંદ કેજરીવાલના અંગત સહાયક બિભવ કુમાર દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. કૉંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આમ આદમી પાર્ટીના સાંસદ અને દિલ્હી મહિલા આયોગના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વાતિ માલીવાલ પર કથિત હુમલાને લગતા પ્રશ્નના જવાબમાં સાવચેતીભરી પ્રતિક્રિયા આપી હતી જેણે અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની પાર્ટીને સામેલ કરી હતી.

રાજ્યસભાના સભ્ય માલીવાલ પર સોમવારે સવારે દિલ્હીના મુખ્ય પ્રધાનના નિવાસસ્થાને મિસ્ટર કેજરીવાલના અંગત સહાયક બિભવ કુમાર દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. તેણીએ હજુ સુધી ફરિયાદ નોંધાવવાની બાકી છે. AAP સાંસદ સંજય સિંહે મીડિયાને જણાવ્યું છે કે બિભવ કુમારે શ્રીમતી માલીવાલ સાથે "દુર્વ્યવહાર" કર્યો હતો, જેઓ તેમને મળવા મુખ્યમંત્રીના નિવાસસ્થાને ગયા હતા. તેમણે ઉમેર્યું હતું કે મુખ્ય પ્રધાને નોંધ લીધી છે અને આ મામલે "સખત" પગલાં લેવામાં આવશે. ત્યારે સ્વાતી માલીવાલ હુમલા કેસના મામલે પ્રિયંકા ગાંધી વાડ્રાને તેના સહયોગી AAP અંગેના મામલા વિશે પૂછ્યું, ત્યારે તેમણે જવાબ આપ્યો, "અહીં બે મુદ્દા છે. જો કોઈ પણ મહિલા સાથે ક્યાંય પણ અત્યાચાર થાય છે, તો અમે મહિલા સાથે ઊભા છીએ. હું હંમેશા મહિલાઓની સાથે ઉભી છું પછી ગમે તે હોય. તેઓ જે પક્ષના છે, તે તેમની વચ્ચે ચર્ચા કરશે અને નિર્ણય લેશે." પ્રિયંકા ગાંધી વાડ્રા ૨૦ મેની ચૂંટણી માટે તેમના ભાઈ અને કૉંગ્રેસના ઉમેદવાર રાહુલ ગાંધી માટે પ્રચાર કરવા રાયબરેલીમાં છે.

એક સમયે કડવા પ્રતિસ્પર્ધીઓ, AAP અને કૉંગ્રેસ હવે ચાલી રહેલી લોકસભા ચૂંટણીમાં સત્તારૂઢ ભાજપને ટક્કર આપવા માટે ભારતીય વિરોધ જૂથ હેઠળ દળોમાં જોડાયા છે. દિલ્હીમાં AAP અને કૉંગ્રેસનું ગઠબંધન છે, જ્યાં ભાજપે છેલ્લી બે ચૂંટણીઓમાં તમામ સાત લોકસભા બેઠકો જીતી છે. બે સાથી પક્ષો, જોકે, પંજાબમાં વિરુદ્ધ બાજુએ છે, જ્યાં AAP સત્તામાં છે અને કૉંગ્રેસ મુખ્ય વિરોધ પક્ષ છે.રાષ્ટ્રીય રાજધાનીમાં ૨૫ મેના રોજ મતદાન થવાનું હોવાથી, કથિત હુમલાના કેસમાં ભાજપે AAP વિરુદ્ધ ઓલઆઉટ થઈ ગયું છે. શ્રી કેજરીવાલની વચગાળાની જામીન પર મુક્તિની પૃષ્ઠભૂમિ સામે પણ ભાજપનો આરોપ આવે છે, જેના પગલે AAP નેતાએ ભાજપ પર આકરા પ્રહારો શરૂ કર્યા છે. વાસ્તવમાં, કેજરીવાલે લખનૌમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સાથે પ્રેસ કોન્ફરન્સમાં સ્વાતિ માલીવાલ કેસ પર પ્રશ્નોનો સામનો કર્યો હતો.

### ત્રણેય નેતાઓની ટીમ વારાણસીમાં કરશે પ્રચાર

# ત્રણ મોટા નેતાએ વારાણસીમાં પ્રચાર માટે જવાબદારી લીધી

## આ વખતે સીઆર પાટીલની ડ્યુટી વારાણસી બેઠક પર

વારાણસી, તા.૧૬

લોકસભા ચૂંટણીની સૌથી મહત્ત્વની બેઠક વારાણસીમાં પહેલી જૂને સાતમાં તબક્કામાં મતદાન થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં વારાણસીથી પ્રથમ વખત ચૂંટણી લડ્યા હાતા, જ્યારે તેમનો સામનો અરવિંદ કેજરીવાલ સામે થયો હતો. ત્યારે આ વખતે કોંગ્રેસે વડાપ્રધાન મોદી સામે અજય રાયને મેદાનમાં ઉતાર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્રમાં વધુ મતદાન અને વધુ સારા સંચાલન માટે ગુજરાતના ત્રણ મોટા નેતાઓને મોરચો સંભાળ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે પહેલીવાર વારાણસીથી ચૂંટાયા ત્યારે ગુજરાત ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલે ત્યાં લાંબા સમય શુધી ધામા નાખ્યા હતા. આ વખતે પણ સી.આર. પાટીલની ડ્યુટી વારાણસી બેઠક પર છે. તેમની ટીમ માઈક્રો મેનેજમેન્ટનું કામ જોઈ રહી છે.

ઉપરાંત ગુજરાત ભાજપના પ્રભારી અને પ્રદેશ મહામંત્રી રત્નાકર પણ સક્રિય બન્યા છે. તથા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ પણ વારાણસીમાં છે. ભાજપ વારાણસી બેઠકથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મોટા માર્જિનથી હેટ્રિક બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

વારાણસીમાં ભાજપે સી.આર. પાટીલના નેતૃત્વમાં પન્ના પ્રમુખ અને પેજ સમિતિનો ઉપયોગ કર્યો હતો. પાટીલના નેતૃત્વમાં આ ટીમ મતદાનની સાંજ સુધી વારાણસીમાં સક્રિય રહેશે. પાટીલની ટીમમાં સામેલ યુવાનોને અલગ-અલગ જવાબદારીઓ સોંપવામાં આવી છે. જેમાં સ્લિપ વિતરણથી લઈને રિપોર્ટિંગ અને મોનિટરિંગ સુધીના કામનો સમાવેશ થાય છે.

મળતા અહેવાલો અનુસાર, 'I.N.D.I.A.' ગઠબંધનની સરખામણીમાં ભાજપ માઈક્રો મેનેજમેન્ટમાં આગળ છે. ભાજપ તરફથી વારાણસી બેઠક પર ૮૦ વર્ષથી વધુ ઉંમરના મતદારોને કોલિંગનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ભાજપે પોતાના તરફથી આ પ્રયોગ એટલા માટે કર્યો છે કે મતદાનમાં વૃદ્ધોની ભાગીદારી ઓછી ન થાય. એટલું જ નહીં, ભાજપે સમગ્ર સંસદીય ક્ષેત્રમાં પન્ના પ્રમુખો અને પેજ સમિતિના વડાઓની નિમણૂક કરી છે.

### રાજ્ય સરકારના વર્ગ-૩ના કર્મચારીઓને સરકારે મોટી રાહત

# વર્ગ-૩ના કર્મચારીઓ માટે મિલકતો જાહેર કરવાની તારીખ લંબાવાઈ

## રાજ્ય સરકારના સારથિ પોર્ટલ પર વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીની વિગતો ભરવાનો સમય લંબાવવામાં આવ્યો છે

અમદાવાદ,તા.૧૬

રાજ્ય સરકારના વર્ગ-૩ના કર્મચારીઓને સરકારે મોટી રાહત આપી છે. તેમના માટે મિલકતો જાહેર કરવાની તારીખ લંબાવવામાં આવી છે. રાજ્ય સરકારના સારથિ પોર્ટલ પર વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીની વિગતો ભરવાનો સમય લંબાવવામાં આવ્યો છે. રાજ્ય સરકારે ૨૮મી ફેબ્રુઆરીએ કરેલા નિર્ણયનો અમલ કરવા કર્મચારીઓને સૂચના આપી છે. રાજ્ય સરકારના વર્ગ ૩ના કર્મચારીઓએ હવે વર્તમાન નાણાકીય વર્ષથી પોતાની મિલકત સંબંધિત વિગતો જાહેર કરવી પડશે. રાજ્ય સરકારના સારથિ પોર્ટલ પર વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીની વિગતો ભરવાનો સમય લંબાવવામાં આવ્યો છે. અગાઉ ૧૫ મે સુધી કામગીરી પૂરી કરવાનો સમય લંબાવવામાં આવ્યો હતો. હવે વર્ગ ૩ના કર્મચારીઓ માટે સમયમર્યાદા લંબાવીને ૧૫ જુલાઈ કરવામાં આવી છે. હવે તેઓ વર્ષ ૨૦૨૩ સુધીની મિલકતો સારથિ પોર્ટલ પર ભરી શકશે. રાજ્ય સરકારના વર્ગ ૩ના કર્મચારીઓની મિલકત સંબંધિત વિગતો સામાન્ય રીતે તેમના વિભાગ દ્વારા નિયમિત રીતે દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે. ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે આ માહિતી જાહેર કરવામાં આવે છે. તે કર્મચારીઓના નિવેદનના આધારે કરાય છે.આ દસ્તાવેજીકરણનો મુખ્ય હેતુ કોઈપણ પ્રકારના ભ્રષ્ટાચારને અટકાવવાનો અને પારદર્શકતા જાળવવાનો છે. આ દસ્તાવેજીકરણમાં નીચેની વિગતો સામેલ હોઈ શકે છે. કર્મચારીની સંપત્તિની માહિતી જેવી કે જમીન, મકાનનો સમાવેશ થાય છે. બેંક ખાતાની વિગતોનો સમાવેશ થાય છે. રોકાણ અને સંગ્રહની માહિતી આપવાની હોય છે. કોઈપણ આર્થિક દેવુ અથવા લોનનો સમાવેશ થાય છે. આ વિગતો અનિવાર્ય રીતે રાજ્ય સરકારના નિયામક વિભાગને દર વર્ષે સુપ્રદ કરવી પડતી હોય છે.

### NPPAની બેઠકમાં લેવાયો નિર્ણય

# ડાયાબિટીસ, હાર્ટ અને લીવર જેવી અનેક બીમારીઓની ૪૧ દવાઓ સસ્તી થશે

## ફાર્મા કંપનીઓને તાત્કાલિક અસરથી ડીલરો અને સ્ટોકિસ્ટોને વિવિધ દવાઓના નીચા ભાવ વિશે માહિતી આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે

નવી દિલ્હી,તા.૧૬

ભારત સરકારે ડાયાબિટીસ,હાર્ટ અને લીવર જેવા રોગોની સારવાર માટે વપરાતી દવાઓના ભાવમાં રાહત આપવાનો નિર્ણય કર્યો છે. સરકારે ૪૧ દવાઓ અને ૬ ફોર્મ્યુલેશનની કિંમતો નક્કી કરી છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી સામાન્ય જનતાને મોટી રાહત મળશે.

ફાર્માસ્યુટિકલ્સ વિભાગ અને નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, એન્ટાસિડ્સ, મલ્ટીવિટામિન્સ અને એન્ટિબાયોટિક દવાઓ સસ્તી થશે. ફાર્મા કંપનીઓને તાત્કાલિક અસરથી ડીલરો અને સ્ટોકિસ્ટોને વિવિધ દવાઓના નીચા ભાવ વિશે માહિતી આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ નિર્ણય NPPAની ૧૪૩મી બેઠકમાં લેવામાં આવ્યો હતો જેથી કરીને આવશ્યક દવાઓની કિંમતો જનતા માટે પોષણક્ષમ રહે.

ભારતમાં ડાયાબિટીસના સૌથી વધુ કેસોમાંનું એક છે, દેશમાં ૧૦ કરોડથી વધુ ડાયાબિટીસના દર્દીઓ છે, જેમને ભાવ ઘટાડાથી ફાયદો થવાની અપેક્ષા છે. ગયા મહિને, ફાર્માસ્યુટિકલ્સ વિભાગે ૯૨૩ સુનિશ્ચિત દવાઓના ફોર્મ્યુલેશન માટે તેની વાર્ષિક સુધારેલી ટોચમર્યાદા કિંમતો અને ૬૫ ફોર્મ્યુલેશન માટે રિવાઈઝ્ડ છૂટક કિંમતો જારી કરી હતી, જે ૧ એપ્રિલથી લાગુ થઈ હતી.

### સમાધિ માટે બે દિવસ પહેલા જગ્યા પણ નક્કી કરી

# પ્રવચન આપતા દરમિયાન સ્વામી સચ્ચિદાનંદની તબિયત લથડી

## સંતશ્રી સચ્ચિદાનંદ બાપુની તબિયત લથડતાં ભાવિક ભક્તો ચિંતિત બન્યા છે સુઇગામમાં હાલ સ્થાનિક ડોકટર દ્વારા સંતશ્રીને સારવાર અપાઈ રહી છે

અમદાવાદ,તા.૧૬

ગુજરાતના જાણીતા સંતશ્રી સચ્ચિદાનંદ બાપુની તબિયત લથડી છે. સૂઈગામ ખાતે છેલ્લા કેટલાક દિવસોથી તેઓ પ્રવચન આપી રહ્યા હતા ત્યારે તેમની તબિયત લથડી હતી. સંતશ્રી સચ્ચિદાનંદ બાપુની તબિયત લથડતાં ભાવિક ભક્તો ચિંતિત બન્યા છે. સુઈગામમાં હાલ સ્થાનિક ડોકટર દ્વારા સંતશ્રીને સારવાર અપાઈ રહી છે. ચોંકાવનારી બાબત એ છે કે, તેમણે પોતાની સમાધિ નડાબેટ ખાતે આપવામાં આવે તે માટે બે દિવસ પહેલા જગ્યા પણ નક્કી કરી હતી.

અનેક પુસ્તકો લખી સેંકડો લોકોના જીવનમાં પરિવર્તન લાવનાર સંત સચ્ચિદાનંદ બાપુને વર્ષ ૨૦૨૨માં ભારત સરકાર દ્વારા પદ્મભૂષણનો એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. પાકિસ્તાન સરહદે રણ વચ્ચે બિરાજમાન શ્રી નડેશ્વરી માતાજીને જગત સમક્ષ લાવવામાં પૂ.બાપુનો સિંહ ફાળો છે. સ્વામી સચ્ચિદાનંદ ગુજરાતના જાણીતા સંત અને લેખક છે. તેમનો જન્મ ૨૨ એપ્રિલ, ૧૯૩૨ ના રોજ ઉત્તર ગુજરાતના મોટી ચંદુર ગામે થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ નાનાલાલ મોતીલાલ ત્રિવેદી હતું. તેમણે વારાણસી સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાંથી વેદાન્તાચાર્યની પદવી મેળવી હતી. સ્વામી મુક્તાનંદજી 'પરમહંસ' તેમનાં ગુરુ છે. તેમનો શ્રી ભક્તિ નિકેતન આશ્રમ ગુજરાતના દંતાલી ગામ ખાતે આવેલો છે. તેમણે મારા અનુભવો (૧૯૮૫) અને વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગો (૧૯૮૫) એમના ચરિત્રલક્ષી ગ્રંથો છે. ભારતીય દર્શનો (૧૯૭૯), સંસાર રામાયણ (૧૯૮૪), વેદાન્ત સમીક્ષા (૧૯૮૭) વગેરે અધ્યાત્મ અને સંસ્કૃતિવિષયક ગ્રંથો લખ્યા છે. સ્વામી સચ્ચિદાનંદ, એક કર્મયોગી સંત, સનાતન ધર્મ અને વિજ્ઞાનના પ્રખર ચિંતક અને પ્રચારક છે. સ્વામીજીએ એક સમાજ સુધારક, માનવતાવાદી, તત્વજ્ઞાની, માનવ કલ્યાણવાદી જેવા કાર્યમાં સિંહ ફાળો આપ્યો છે. ૧૯૬૯માં પેટલાદ પાસે દંતાલી ગામમાં ભક્તિનિકેતન આશ્રમની સ્થાપના કરી હતી. ઈ. સ. ૧૯૭૬માં તેનું ટ્રસ્ટ શરૂ કર્યું હતું. સાત ગુજરાતીઓને વર્ષ ૨૦૨૨ના પદ્મ પુરસ્કારોમાં સ્થાન અપાયું છે. ધાર્મિક ગુરૂ, સમાજસેવક, લેખક અને સમાજસેવકોને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં સ્વામી સચ્ચિદાનંદને પદ્મ ભૂષણ એવોર્ડ એનાયત કરાયો હતો.

### MLAના પત્ર બાદ પણ સ્થિતિમાં કોઇ સુધારો નહીં

# સુરતમાં વહેલી સવારથી જ આવકના દાખલા માટે લાંબી લાઈન લાગી

## સરકારે નાગરિક સુવિધા કેન્દ્રો લોકોની સુવિધા માટે બનાવ્યા છે, ત્યારે અહીં લોકોને ભારે અસુવિધા ભોગવવાનો વારો આવી રહ્યો છે

સુરત,તા.૧૬

સુરતમાં વહીવટી સુવિધાને લઈને લોકોને ખૂબ જ તકલીફો ભોગવવી પડી રહી છે. સરકારે નાગરિક સુવિધા કેન્દ્રો લોકોની સુવિધા માટે બનાવ્યા છે, ત્યારે અહીં લોકોને ભારે અસુવિધા ભોગવવાનો વારો આવી રહ્યો છે. લોકોએ પોતાની નોકરી છોડીને લાઈનમાં ઉભું રહેવું પડી રહ્યું છે. સુરતમાં વહેલી સવારથી જ આવકના દાખલા માટે સુવિધા કેન્દ્ર પર લાંબી લાઈન લાગી ગઈ છે. લોકોએ આવકનો દાખલો મેળવવા માટે ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. આવકનો દાખલો મેળવવા માટે લોકો સવારે પાંચ વાગ્યાથી જ લાઈનમાં ઉભા છે. ટોકન લેવા માટે તેમને વહેલી સવારથી જ લાઈનમાં ઉભા રહેવું પડી રહ્યું છે. લોકો પોતાની રોજગારી છોડી લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. જણાવી દઈએ કે રાઈટ ટૂ એજ્યુકેશન અંતર્ગત પ્રાઈવેટ સ્કુલમાં જરૂરિયાતમંદ બાળકોને એડમિશન લેવા માટેની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આ માટે વાલીઓની આવકનો દાખલો પણ આપવો પડે છે. ત્યારે આ આવકનો દાખલો મેળવવા માટે આજે વહેલી સવારથી જ વાલીઓ સુવિધા કેન્દ્ર પર લાઈન લગાવીને ઉભા છે. ટોકન લેવા માટે વહેલી સવારે જાગી લાઈનમાં ઉભા રહેવું પડે છે ત્યારે ગરમીમાં પણ કોઈ વધારાની વ્યવસ્થા તંત્રે ન કરી હોવાને કારણે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અસહ્ય ગરમીમાં લોકોને પોતાના બાળકો સાથે આવકના દાખલા અને જાતિના દાખલા લેવા માટે લાઈનમાં ઉભા રહેવું પડી રહ્યું છે. ત્યારે ભારે અવ્યસ્થાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. લાઈનમાં ઉભા રહેલા લોકોનું કહેવું છે કે લોકોએ જાતિનો દાખલો મેળવવા માટે વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા છે, બે-ત્રણ દિવસે પણ આવકના દાખલા મળતા નથી. એજન્ટ પ્રથાથી પણ લોકો પરેશાન થઈ ગયા છે. લાંબી લાઈનમાં ઉભા રહ્યા પછી પણ લોકોનો વારો આવી રહ્યો નથી. બારી પણ મોડી ખુલે છે, અઠવાડિયામાં બે દિવસ જ આવકનો દાખલો મળે છે, જેના કારણે લોકોએ તેમના બાળકો સાથે ઘણું હેરાન થવું પડી રહ્યું છે. સાથે જ જો કોઈ ડોક્યુમેન્ટ ન હોય તો પાછા મોકલી દેવામાં આવે છે અને સરખી રીતે ગાઈડ કરવામાં આવતા નથી. કોઈ કામ સિસ્ટમ પ્રમાણે ચાલી રહ્યું નથી. જેથી લોકોએ ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે વરાછાનાં ધારાસભ્ય કુમાર કાનાણીએ આવકના દાખલા માટે વ્યવસ્થા કરવા કલેકટરને પત્ર લખ્યો હતો. તેમણે સરકારી કામગીરી પર સવાલ ઉઠાવ્યા હતા. ધારાસભ્યના પત્ર બાદ પણ સ્થિતિમાં સુધારો આવ્યો નથી. આવકના દાખલા માટે હજુ પણ વાલીઓને હાલાકી પડી રહી છે. આવકનો દાખલો કઢાવવા અરજદારોને હેરાનગતિ ભોગવવી પડે છે. વ્યવસ્થામાં સુધારો લાવવા કુમાર કાનાણીએ કલેકટરને પત્ર લખી રજૂઆત કરી છે કે વાલીઓ સવારે પાંચ વાગ્યાથી લાઈનમાં ઉભા રહે છે, ટોકન લેવા માટે વહેલી સવારે જાગી લાઈનમાં ઉભા રહેવું પડે છે, લોકો એજન્ટ પ્રથાથી પરેશાન છે. ધારાસભ્યના પત્ર બાદ પણ વ્યવસ્થામાં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી.

### શંકરસિંહ આદરણીય, પરંતુ આંદોલન અંગે તેમને અધિકાર નહીં

# આંદોલન હાલ સ્થગિત રાખવાની ક્ષત્રિય સંકલન સમિતિની જાહેરાત

## ક્ષત્રિય સમાજે ડંકાની ચોટ પર ભાજપ સામે મતદાન કર્યું પરિણામની ચિંતા કર્યા વગર અમે અમારી લડત લડ્યા

રાજકોટ, તા.૧૬

રાજકોટ લોકસભા મતવિસ્તારમાં ક્ષત્રિયોએ પરશોત્તમ રુપાલા વિરુદ્ધ મતદાન કર્યું છે. ક્ષત્રિયોની સાથેસાથે અન્ય સહયોગી સમાજે રાજકોટ બેઠક પર ૮૦ ટકા મતદાન કર્યું છે. રુપાલા સામેનું આંદોલન હાલમાં સ્થગિત કરવામાં આવે છે. ક્ષત્રિય સમાજ અન્ય સમાજે કરેલા ભાજપ વિરુદ્ધના મતદાનથી પરશોત્તમ રુપાલા રાજકોટ બેઠક પરથી હારશે તેવો વિશ્વાસ સંકલન સમિતિના કરણસિંહે વ્યક્ત કર્યો હતો.

કરણસિંહે વધુમાં કહ્યું હતું કે, અત્યારે અમે આંદોલનને વિરામ આપી રહ્યા છીએ. અમારા અગ્રણીઓને રંજાડવામાં આવશે તો અમે ફરીવાર આક્રમક થઈ સામે આવીશું. શંકરસિંહ વાઘેલાએ આંદોલન પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી, શંકરસિંહ વાઘેલા અમારા આદરણીય જરૂર છે, પરંતુ આંદોલન અંગે અધિકાર એમનો નથી. સમાજમાં કોઈ દ્વિધા ઉભીના થાય એટલે આજે સ્પષ્ટતા કરાઈ રહી છે. ક્ષત્રિય સમાજે ડંકાની ચોટ પર ભાજપ સામે મતદાન કર્યું છે. પરિણામની ચિંતા કર્યા વગર અમે અમારી લડત લડ્યા છીએ. જય પરાજયની ચિંતા કર્યા વગર લડત લડ્યા છીએ. ક્ષત્રિય સમાજે સહયોગી સમાજ સાથે ૮૦ ટકા મતદાન કર્યું છે.

વસ્તીના પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવામાં આવે તેવી માંગ ચૂંટણી સમયે કરીશું. જે બેઠક પર ક્ષત્રિય સમાજની વસ્તી વધુ હશે ત્યાં બંને પાર્ટીઓ પાસે ટીકીટ માંગીશુ. રૂપાલાએ મતદાન બાદ માંગેલી માફી અંગે પણ સંકલન સમિતિની બેઠકમાં ચર્ચા થઈ છે. આ બાબતને કોર કમિટી અને અન્ય સંસ્થાઓ વચ્ચે મૂકવામાં આવશે. તમામ સંસ્થાઓ નક્કી કરી માફી અંગે નિર્ણય કરવામાં આવશે.



(કવિ રમેશ પારેખની ૧૮ મી પૂણ્યતિથિએ સ્નેહાંજ લિ.)

તા.૧૭/૦૫/૨૦૦૯ ...'ગુજરાતી ભાષાને પડયો ધ્રાસકો.'

## 'આમ તો પાંદડું એક જ ખર્યું'તું ડાળેથી, પરંતુ આખીયે લીલાશ પર ઉઝરડો છે.'



યોગેશ ભટ્ટ-અમરેલી

ગુજરાતી ભાષા અને તેના ભાવકોનાં વહાલા કવિ રમેશ પારેખનો જ આ શેર ઘણું કહી જાય છે. આપણી ગુજરાતી ભાષા માટે માત્ર કવિ કે વ્યકિત વિશેષ ન રહેતાં જાણે કે એક આખી અલગ વિચારધારા, બ્રાન્ડ બની જનાર આ સમર્થ કવિ વિશે પૂ.મોરારિબાપુ કહે છે કે, **"રમેશ પારેખ કંઈક ભાળી ગયેલો કવિ હતો, પ્રેમના પંથે એમણે આત્માની યાત્રા કરી, આ કવિ સતત કંઈક ખોજવામાં રત હતો. એ ખુદ ભીંજાઈને બીજાને ભીંજવવા મથતો કવિ હતો !"**

કાવ્યો, ગીત, ગઝલ, સોનેટ, બાલગીતો, નાટકો અને અછાંદસ રચનાઓનાં માધ્યમથી ધોધમાર વરસનાર આ કવિની કલમમાં સૂફી તત્વ, ભગવી વિચારધારા અને તેનું ઊંડાણ કાયમ વર્તાતું જ રહ્યું છે, ઊડીને આંખે વળગતું રહ્યું છે. માત્ર એક જ શે'રમાં ભાવકને અનેક અનેક વિષયો ઉપર વિચારતો કરી મૂકવાની કાબિલેતારીફ હથ રોટી ધરાવનાર આ નખશિખ સર્જકનો કરતબ તેમનાં જ થોડાં શેરનાં માધ્યમથી માણીએ.

આપણે પુસ્તકોને શ્રેષ્ઠ સાથીદાર માનીએ છીએ,પરંતુ ભીતરથી ભારોભાર વલોવાતો આ કવિ જયારે લખે કે :-

**"વિશ્વનું એક્કે ન પુસ્તક દઈ શકયું એનો જવાબ**
**શું છે આ છાતીને ખોદી નાખતી, ઝીણી કણસ !"**

ત્યારે આ કવિનો વલોપાત જ સો ટચનું સોનું બની જાય છે.

જાતને કાયમ ઢંઢોળવા મથતાં, માયાનાં ગળચટ્ટા બંધનોમાંથી છૂટવા મથતાં, જાગૃતતાને જ જીવન સમજતા કવિનો આ શેર જુઓ :

**"નનામો પત્ર લખુ છું મને હું એવો કે,**
**તુ પીવે છે એ નદીઓ તો ચીતરેલી છે."**

તો વળી નાસ્તિકો, ધર્મ, ભકિત કે અપ્રયાત્મ સાથે જેમને સ્નાનસૂતક નથી,તેવા વર્ગની મનોવૃતિ ઉજાગર કરતો શેર પણ કેટલો ધારદાર ।।!

**"ઊધઈ તો એક સરખું કોતર્યા કરે ..."**

સંવેદનોથી લથબથ, છલકાતાં આ કવિને આ સંવેદનાઓનો પણ કેટલો ભાર લાગતો હશે?! પોતાની અને ઈસુની વેદના એક થઈ જાય એવી અપ્રયાત્મની ટોચ સમી પંકિતઓ જુઓ :

**"આ મારા હાથરૂપે ઈસુ અવતર્યો ફરી,**
**નહીં તો આ હસ્તરેખાનો કાંટાળો મુગટ હોય ?"**

કહેવાય છે કે સર્જક યુગ દ્રષ્ટા હોય છે. આવનારા સમયને પણ તે પારખી લેતો હોય છે. પોતાનાં સમયકાળ માં જ આવનારી જનરેશનને, નવી ફેશનેબલ પેઢીને ઉલ્લેખીને આ કવિ લખી ગયો કે :-

**"તું છે જિદ્દી, તો છે મુમકિન કે તું કાલે માંગીશ**
**તો નવી દુનિયા, મારા પુત્ર, હું કયાંથી લાવીશ ?"**

આ શેર દરેક વાલીની વ્યથાનું પ્રતિનિધિત્વ કરે છે. આ જ છે ૨.પા.ની રેન્જ.

આપણે ત્યાં કાચ ફૂટવાની ઘટનાને શુકન ગણાય છે, લાભ થવાનું એંધાણ માનવામાં આવે છે ત્યારે કવિ લખે છે કે :-

**"પ્રતિબિંબ ફૂટયું છે, દર્પણ નહીં,**
**આ ઘટનાને બૂરી કે સારી ગણું ?"**

માત્ર એક જ શે'રમાં આ કવિની કલ્પનાશકિતની તાકાત જુઓ.. જય હો..!!

મોજશોખમાં જ રાચતા, અમરપટ્ટો લઈને આવ્યા છીએ એમ જ સમજતા અને જીવતા માણસની મનોદશા વ્યકત કરતો શે'ર...

**"ચલો યાર, સિનેમા જોઈ આવીએ,**
**મરણ આવવાને ઘણી વાર છે"** ઘણું કહી જાય છે.

સામાન્ય માણસને કલ્પનામાં પણ ન આવે એવી અનુભૂતિઓ જેમને સહજ પ્રાપ્ત હોય એ જ લખી શકે કે :-

**"સ્વપ્નમાં અતરની શીશી રોજ ફૂટી જાય છે,**
**એટલે ખૂશબોમાં તિરાડો મને દેખાય છે."**

ખૂશબોમાં તિરાડો જોઈ શકે, તેને જ પૂ.બાપુ 'કંઈક ભાળી ગયેલા કવિ કહેને ?!"

જીવનની ક્ષણભંગુરતાને કાયમ નજરની સામે જ રાખીને જીવનારો આ કવિ એટલે જ હંમેશા ભગવા રંગે રંગાયેલો લાગ્યો છે, અને તેથી જ તો ઢસડાતાં ઢસડાતાં જીવી જતાં એવરેજ માણસની સ્થિતિને વર્ણવતા લખે છે કે :-

**"જીવવાનાં ચિત્રને પૂઢં કરો,**
**થાકધેર્યા શ્વાસની પીંછી વડે."**

ગુજરાતી કવિતા, ગીત, ગઝલનો દોર સમકાલીન અને પછીની પેઢીને પૂરા રૂઆબ- માન-મરતબાથી સોંપીને પરમ તરફ પ્રયાણ કરતાં પહેલાં જ આ કવિ લખી ગયો છે કે :-

**"સોંપુ છું ઘરનોહાથ, ઘરોબાનાં હાથમાં,**
**ને શેરીઓ આ શહેરને સોંપીને નીકળું."**

સમાપન પણ આ યુગપુરૂષ, મહાન કવિની રચના "નીકળીએ" થી જ કઢ તો :-

**"ચક્રની જેમ ચાલી ચાલી ચાલી નીકળીએ**
**ભર્યા ઘરમાંથી અમે ખાલી ખાલી નીકળીએ,**
**એમ તો કોઈથી મુઠ્ઠીમાં બંધ નહીં થઈએ**
**પકડવા જાવ તો પાડેલી તાલી નીકળીએ.**
**દ્વાર ખખડાવીએ છીએ, તો દ્વાર ખોલી જુઓ**
**અમે કદાચ તમારી ખુશાલી નીકળીએ,**
**આ ભીડમાંથી નીકળવું સહેલું કયાં છે, રમેશ ?**
**અમે મરણનો મૃદુ હાથ ઝાલી નીકળીએ."**

પરમાત્મા સાથે ગોષ્ઠિ જમાવવા નીકળી ગયેલ આ કવિ ભાવકોનાં હૃદયમાંથી કયારેય નહીં નીકળી શકે ... પ્રણામ ૨.પા.

**"અસ્તુ"**


જિલ્લામાં ટોપર્સ આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ એટલે...

એપેક્ષ સ્કૂલ ઓફ કોમર્સ

સાતમા વર્ષે ફરી એપેક્ષ સ્કૂલનો ડંકો...

Once Again માર્ચ 2024

સમગ્ર બોર્ડમાં બીજા સ્થાને...

અને સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાને...

સાવલીયા દિક્ષિતા A1 Grade 99.98 P.R.

આંકડા : 100/100
SPCC : 100/100
અર્થશાસ્ત્ર : 99/100
નામુ : 98/100
વા. વ્યવસ્થા : 95/100

માર્ચ 2018 જિલ્લા દ્વિતિય ચાવડા કૃણાલ 99.78 P.R.
માર્ચ 2019 જિલ્લા પ્રથમ જોષી જાહ્નવી 99.88 P.R.
માર્ચ 2020 જિલ્લા દ્વિતિય દેવાણી ભાર્ગવ 99.27 P.R.
માર્ચ 2021 જિલ્લા દ્વિતિય ગોહિલ પુજા 99.71 P.R.
માર્ચ 2022 જિલ્લા દ્વિતિય વેકરીયા હિતેશ્રી 99.77 P.R.
માર્ચ 2023 જિલ્લા પ્રથમ કારીયા કિંજલ 99.97 P.R.

ધો. ૧૧ કોમર્સ શા માટે એપેક્ષ સ્કૂલમાં જ...

- વિષય નિષ્ણાંત, અનુભવી, અને કવોલીફાઈડ સ્ટાફ...
- ચેપ્ટરવાઈઝ અને વિકલી ટેસ્ટ દ્વારા સર્વગ્રાહી મુલ્યાંકન...
- એક વર્ગમાં માત્ર ૩૦ વિદ્યાર્થીઓની જ સંખ્યા...
- ડાઉટફૂલ પ્રશ્નોનું વ્યકિતગત સોલ્યુશન...
- દરેક વિષયનું 100 ગુણનું Most IMP મટીરીયલ્સ
- CCTVથી સમગ્ર કેમ્પસનું મોનીટરીંગ...
- હોસ્ટેલ સુવિધા...
- વિશાળ પ્લે ગ્રાઉન્ડ...
- સ્કૂલ બસ સુવિધા...

અમારી શાળા જેવું શિક્ષણ અને અનુભવી શિક્ષકોની ટીમ બીજે કયાંય નહિ... : કોમર્સની નં. ૧ ટીમ :

| મનિષ સર | વડાલિયા સર | સાગર સર | મિતલ મેડમ | પાર્થ સર | સુધીર સર |
| --- | --- | --- | --- | --- | --- |
| M.Com., B.Ed. | M.A., B.Ed. | M.Com., B.Ed. | M.A., B.Ed. | M.Com, B.Ed. | M.A., B.Ed. |
| (આંકડાશાસ્ત્ર) | (અર્થશાસ્ત્ર) | (નામાના મુળતત્વો) | (અંગ્રેજી) | (BA/SPCC) | (ગુજરાતી) |
| અનુભવ : 17 વર્ષ | અનુભવ : 14 વર્ષ | અનુભવ : 8 વર્ષ | અનુભવ : 7 વર્ષ | અનુભવ : 10 વર્ષ | અનુભવ : 15 વર્ષ |

ગર્લ્સ / બોયઝ હોસ્ટેલ સુવિધા

પ્રવેશકાર્ય શરૂ...

: કાર્યક્ષેત્ર : ધોરણ ૧ થી ૧૨ કોમર્સ / આર્ટસ

...પ્રવેશ સંપર્ક... 82009 23707

અખાડાના ગેઈટ સામે, સુખનિવાસ કોલોની રોડ, અમરેલી.

## જીનિંગમિલ, વીજપોલ, વૃક્ષ, હોર્ડિંગ્સ સહિત બધુ જ વેરવિખેર


# બાબરા પંથકમાં ભારે પવન સાથેનાં કમોસમી વરસાદથી વ્યાપક નુકસાન

અમરાપરાની ગૌશાળામાં બનાવવામાં આવેલ શેડનાં તમામ પતરા ઉડતા લાખો રૂપિયાનું નુકસાન

નાના વેપારીઓથી લઈને મિલ માલીક, ગૌશાળા, સ્મશાન સહિત તમામ સંસ્થાનાં સંચાલકો પરેશાન

ગ્રામ્ય વિસ્તારમાં ઉનાળુ તલ, મગ, બાજરી સહિતનાં ખેતીપાકોને પણ નુકસાન

જિલ્લા પંચાયતનાં પ્રમુખ, ધારાસભ્ય સહિતનાં પદાધિકારીઓએ નુકસાનીનું સર્વે કરવા માંગ કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

બાબરા પંથકમાં ગઈકાલે અચાનકઆવીચડેલભારેપવનસાથેનાં વરસાદથી નાના વેપારીઓ, મિલ માલીકો, ખેડૂતો, સામાજિક સંસ્થાનાં સંચાલકો પરેશાન થઈ ચુકયા હોય જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરત સુતરીયા, ધારાસભ્ય જનક તળાવીયા, પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખઅંકુરભાઈજસાણીસહિતનાં પદાધિકારીઓમદદેઆવ્યાહતા.

બાબરા પંથકમાં ૧૦૦ આસપાસનાંવીજપોલઅનેવૃક્ષોજમીન દોસ્તથયાછે.તોપાણી–પુરવઠાકચેરીની દીવાલપણજમીનદોસ્તથઈછે. ૪થીપ જેટલીજીનીંગમિલનેપણવ્યાપકનુકસાન થયું છે. મિલમાં પ્રોસેસ કરેલ કપાસની ગાંસડીઓ પલળી જઈ નષ્ટ પામેલ છે, જીઆઈડીસીમાંઆવેલશેડનાંપતરાઉડી ગયાહતાતોલારીઅનેરેકંડીધારકોનેપણ નુકસાનથયાનાંવાવડમળ્યાછે.

ગ્રામ્ય વિસ્તારમાં તૈયાર થયેલ ઉનાળુ પાક બાજરી, તલ, મગને પણ નુકસાન થતાં ખેડૂતોએ સર્વે કરી વળતરની માંગ કરેલ છે. ધારાસભ્ય અને જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરતસુતરીયાએપણસર્વેકરવાનીમાંગ કરેલછે.

શહેરનાં અનેક રહેણાંક વિસ્તારમાંપાણીફરીવળતાંઅનેકમાર્ગો બંધ થતાં પાલિકાનાં શાસકોએ માર્ગ ખુલ્લા કર્યાહતા. જાહેરહોર્ડિંગ્સનેપણ નુકસાન થયાનું જાણવા મળેલ છે.

અમરાપરા ખાતે આવેલ ગૌશાળાની દીવાલ પણ જમીનદોસ્ત થઈ હતી તો શેડનાં પતરા પણ ઉડી ગયા હતા. ભાજપઅગ્રણીમુકેશભાઈખાખરીયા, સરપંચ અશોકભાઈ અસલાલીયા, તેજસભાઈ કારીયા મદદે દોડયા હતા.

### સબમર્સીબલ પંપની ઉઠાંતરી

## અમરેલીનાં ગજેરાપરા અને વિઠ્ઠલપુર ખંભાળીયા ગામની સીમમાં ચોરી થઈ

### સ્થાનિક પોલીસે ૩ આરોપીને ઝડપી લીધા



અમરેલી, તા. ૧૬

અમરેલીનાસાવરકુંડલારોડ ઉપરઆવેલગજેરાપરા, રામજીમંદિર કથીરીયાપરા શેરી નં. ૨ માં રહેતા અને ખેતી કરતાંપ્રકાશભાઈ પરશોતમભાઈ ધાનાણી નામનાં ૫૩ વર્ષિય ખેડૂતે ઠેબી નદીમાંરાખેલસાડાસાતહોર્સપાવરની પાણીની ઈલેકટ્રીક મોટર આશરે કિંમત રૂપિયા ૧૫,૦૦૦ તથા પ્રવિણભાઈ કાળુભાઈ ગજેરા પાંચ હોર્સ પાવરની ડેડકો હાડી જેની આશરે કિંમત રૂપિયા ૮૦૦૦તથામનસુખભાઈ મુળજીભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી જિલ્લામાં સિંહોની હાલત રખડૂ શ્વાન જેવી બની

## હે રામ : પિપાવાવ પોર્ટનાં તળાવ વિસ્તારમાંથી કોહવાઈ ગયેલ હાલતમાં સિંહનો મૃતદેહ મળી આવ્યો

### વન વિભાગનાં અધિકારીઓની આળશનાં લીધે ગૌરવસમા પ્રાણીઓ પરેશાન

અમરેલી, તા. ૧૬

અમરેલીજિલ્લામાંસિંહોની માઠી બેઠી હોય તેમ શેત્રુજી ડિવિઝન તળેના રાજુલાજાફરાબાદ પંથકમાં બોડી બામણીનું ખેતર હોય તેમ સિંહોની સુરક્ષામાં તૈનાત વનવિભાગના કર્મીઓની નીતિરીતિ ને કારણે ૩ થી ૫ વર્ષના સિંહનો મૃતદેહ પીપાવાવ પોર્ટના તળાવ વિસ્તાર માંથી કોહવાઈ ગયેલી હાલતમાં મળતા વનવિભાગની કામગીરીઓસામેસવાલો ઉભા થયા છે જાણવામળતીમાહિતીમુજબરાજુલાના પીપાવાવ પોર્ટ વિસ્તાર નજીક સિંહોએ સામ્રાજય સ્થાપ્યું છે ને સિંહોની સુરક્ષામાં સરકાર દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરી રહ્યું છે પણ વનવિભાગના અમુક કર્મીઓ ફેરણું કે પેટ્રોલીંગના અભાવે સિંહો નોધારા બન્યા હોવાની પ્રતીતિ જોવા મળી રહી છે આજે ૩ થી ૫ વર્ષના નર સિંહનો મૃતદેહ વનવિભાગને કોહવાઈ ગયેલી હાલતમાં મળ્યો હતો ત્યારે સિંહો માટે રાખવામાં આવેલા ગાર્ડ કેમ સિંહો પ્રત્યે સંવેદનશીલ નથી તે સિંહપ્રેમીઓના મનમાં સવાલ સતાવી રહ્યો છે દરરોજ સિંહોના લોકેશન સાથે સિંહના અવલોકનો વનવિભાગ લેતું હોય છે ત્યારે આ સિંહ મૃત પામીને કોહવાઈ ગયો ત્યાં સુધી વનવિભાગ નો સ્ટાફ કયાં કાર્યમાં વ્યસ્ત હતો તે સો મણનો સવાલ

અનુસંધાન પાના ૬ ઉપર

### નાયબ ઈજનેર મકવાણાનાં નેતૃત્વમાં

## બાબરામાં પીજીવીસીએલ દ્વારા મોટાભાગનાં વિસ્તારમાં વીજ પુરવઠો પૂર્વવત કરાયો

### ભાજપ અગ્રણીઓએ પીજીવીસીએલની કામગીરીની સરાહના કરી

બાબરા, તા. ૧૬

બાબરામાંતા. ૧૫નારોજ બપોર બાદ તોફાની વરસાદ અને પવન સાથે જોરદાર વાવાઝોડું આવતા ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકે પવન ફૂંકાતા જન

અનુસંધાન પાના ૬ ઉપર






### લલીતભાઈ પરમાર સામે ફરિયાદ

## લાઠીનાં રાભડા ગામે પરિણીતા અને તેના સસરાને ગાળો આપી ધમકી આપી

### પરિણીતાની ભત્રીજીની છેડતી પણ કરી

અમરેલી, તા. ૧૬

લાઠીતાલુકાનારાભડાગામે રહેતા સંગીતા બહેન વિપુલભાઈ પરમાર નામની પરિણીતા તા. ૧૫ ના સવારે આશરે ૧૦/૩૦ થી ૧૧/૧૫ વાગ્યાનાઅરસામાંતેણીતથાતેનાસસરા પોતાના રહેણાંક મકાને હાજર હતા. તે દરમ્યાન તે જ ગામે રહેતા લલીતભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)